# સહજ-સત્સંગ

અંક : ૨૮૩ વર્ષ : ૨૪ તંત્રી : માનસિંહભાઈ ચાવડા જુલાઈ - ૨૦૧૨





**શ્રી ભીમાશંકર**

(ચંદ્રભાગા તટે - મહારાષ્ટ્ર)



# મા મીરાંબિકા

It is always a mistake to complain about the
circumstances of our life,
for they are the outward expression
of what we are ourselves.

- The Mother

## પરિસ્થિતિ પોતાનું જ પ્રતિબિંબ

ભાવાનુવાદ

સંજોગો વિષે અસંતોષ ધરે, પણ એ બાહ્ય પ્રતિબિંબ પોતા પણું,
આત્માને સંકોરવા જ, તે પ્રભુએ ગોઠવ્યું.
જે મળ્યું તે આપણું, ન મળે તેની ન દરકાર કરો,
તો જ સંતોષે જીવન ધરી, ને પ્રભુ આયોજને સફળ થશો.

- શ્રી માતાજી

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૯,૧૧,૧૩ ઑગસ્ટ ૧૯૧૪)



તારી સાથે સંપૂર્ણ એકતા માટે મને તૃષા લાગી છે અને એ એકતા તે અકર્મમાં રહીને નહિ તથા સ્થૂળ પ્રવૃત્તિથી દૂર ભાગી જઈને નહિ, પણ તારી ઈચ્છાની એક સંપૂર્ણ અનન્ય, પૂર્ણ સિદ્ધિની અંદર મેળવવાની છે. (૯.૮.૧૯૧૪)

પૃથ્વીએ ફેંકેલી તિમિરછાયા પાછી તેના ઉપર જ આવી પડી છે..... એ છાયાએ તારા શાશ્વત સૂર્યને આવરી લીધો છે.

દરમિયાન તારા આગમન માટે તૈયારી કરવા તેં અમને પૃથ્વી ઉપર મોકલ્યાં છે અને મારો એક-એક અણુ પોકારે છે - જય હો તારી ઈચ્છાનો !

તારી કરુણાના એ સમર્થ બાહુ હું છું. હું છું તારા અસીમ પ્રેમનું વિશાળ હૃદય..... તપ્તને શાતા આપનારું, ઘવાએલાને રુઝવનારું એ છે મા ભગવતીનું ચુંબન (૧૧.૮.૧૯૧૪)

ઓ સુમધુર ગુરો, પૃથ્વીને આજે પ્રેમની જરૂર છે..... એ (પ્રેમ) કરી શકે એવું સમર્થ એવું સુપાત્ર કોણ હશે ?..... એ કોણ હશે એ વાત મહત્ત્વની નથી. પણ એ થવું જોઈએ..... એક શાંતિમય સ્વસ્થતામાં બેસી જઈને જડ થઈ જઈને એમ ન થવા દેશો. તારો અભિનવ અને ચક્રવર્તી પ્રેમ આવિર્ભાવ પામ્યો નથી ત્યાં સુધી અમારે માટે આરામ નથી. (૧૩.૮.૧૯૧૪)

## અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (પ્રભુ સાથેની સક્રિય એકરૂપતા) | ૩ | **સાંજના વાર્તાલાપો** (અવતાર અને જન્મ) | ૩૩ |
| **શ્રી અરવિન્દના અગાધ જ્ઞાનનો પરિચય** (શ્રી માતાજીએ પૂર્ણયોગ વ્યવહાર ભૂમિકામાં ઊતાર્યો) | ૪ | **શ્રી અરવિન્દના બાળકોનો પ્રચંડ હૂંકાર** | ૩૪ |
| **માતૃવાણી** (પ્રકૃતિ અને તેનાં બળો) | ૭ | **ઉપનિષદોનું અમૃત** (ૐકારની ચતુર્થમાત્રા) | ૩૫ |
| **શ્રી માતાજીની અલૌકિક માર્ગદર્શન પદ્ધતિ** | ૧૦ | **આત્મસિદ્ધિ** (આત્માની સનાતન પૂર્ણતા) | ૩૬ |
| **સાવિત્રી** (પ્રભુનો પ્રયોગ) | ૧૨ | **સર્વાંગી આરોગ્ય** (રોગ નિવારણ : કોષોમાં પ્રભુશક્તિનો સંચાર) | ૩૮ |
| **યોગ વિષે પત્રો** (ખ્રિસ્ચિયન અધ્યાત્મ અને શ્રી અરવિન્દ) | ૧૬ | **સુંદર કથાઓ** (પ્રભુનાં દર્શન) | ૪૨ |
| **વેદવિજ્ઞાન** (દેવ શબ્દનો અર્થ) | ૨૧ | **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (યશનાં કારણો) | ૪૩ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (પૂર્ણયોગમાં રૂપાંતરનો અર્થ) | ૨૪ | **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (કંટાળાને કેમ નિવારવો ?) | ૪૪ |
| **યોગ પર દીપ્તિઓ** (યોગશક્તિનું માનવ સ્વરૂપમાં કાર્ય) | ૨૭ | **શ્રી અરવિન્દ કેન્દ્ર - ચેતનાનું કેન્દ્ર** | ૪૫ |
| **વેદ રહસ્ય** (અગ્નિનું સ્વરૂપ) | ૨૯ | **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |



મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

**સહજ-સત્સંગ**
અંક : ૨૮૩ વર્ષ : ૨૪
જુલાઇ - ૨૦૧૨

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા** મો. ૯૮૨૪૩૭૩૯૨૯
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.
એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.
**(કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ) ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઑર્ડરથી**
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ-રાજકોટ'**ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

# પ્રભુ સાથેની સક્રિય એકરૂપતા

(પૃ.૧૬૪-૧૬૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજી પ્રભુ સાથે એકરૂપ થવા ઝૂરી રહ્યાં છે, પણ એક એકરૂપતા શાંત સ્થિર આંતરિક ચેતનામાં સ્થિર એવા નિષ્ક્રિય યોગીની નથી. સ્થૂળ-જીવનના કાર્યોથી આપણે આઘા ભાગવાનું નથી, પણ પ્રભુના સંકલ્પને ભૌતિક-જગતમાં સાકાર કરવા માટે પ્રયત્નની પરાકાષ્ઠા કરવામાં છે. તે બાહ્ય-સક્રિયતામાં પણ આંતરિક-સ્વસ્થતા, પ્રભુ સાથેની એકરૂપતા ટકાવવામાં છે.

પ્રથમ મહાયુદ્ધની લપેટમાં ધરતી આવી ગઈ છે. હિંસા, અત્યાચાર, જોર જુલુમ, વિનાશ કરવા જાણે માનવ-વંશ ગાંડો થયો છે ! ધરતીમાં અનંત વર્ષોથી ધરબાયેલું આ અવચેતન ઊભરાઈને બહાર આવ્યું છે અને ધરતીનાં જ આત્મસૂર્ય ઉપર આવરણ બની ગયું છે. ધરતીમાં આત્મતત્ત્વના પ્રકાશથી સંચાલિત દિવ્ય-જીવન જીવવાની પ્રેરણા પણ છે પણ હાલમાં તે ઢંકાઈ ગઈ છે.

માતાજી કહે છે ફરી ધરતીને તેના દિવ્ય-કાર્ય માટે તૈયાર કરવા જ અમને મોકલેલાં છે, જેથી અમે પ્રભુ તારા આગમનની પૂર્વતૈયારી કરીએ. માતાજી કહે છે કે માનવવંશને ફરી પ્રભુમાં શ્રદ્ધા ધરાવતો કરવા માટે પ્રભુની કરુણાનો તેને સાક્ષાત્કાર થાય એ મહત્ત્વનું છે. તે કરુણાને સક્રિય કરી પોતાની મારફત વહેવાડવા માતાજી તૈયાર છે. તે કરુણાના હાથા બનવા તૈયાર છે. માતાજી કહે છે કે તેમનું સ્વરૂપ તો બ્રહ્માંડમાં એક અણુ જેવું છે. તેની ઉપર પ્રભુની મહેર ઊતરી આવી છે. જાણે પ્રભુ તેમને ચુંબન આપી રહ્યો છે ! હૃદયે ચાંપી રહ્યાં છે. તે ચુંબનનો જ, પ્રેમનો જ સાક્ષાત્કાર માતાજી અન્યોને કરાવવા ઈચ્છે છે અને નિર્ણય કરે છે કે તેમણે ઉદ્વિગ્ન, અશાંત હૃદયોને શાંતિથી ભરી દેવા પડશે. જીવનમાં જેમને ઘા પડ્યાં છે તેમના ઘા પ્રેમથી રૂઝવવા પડશે, તો જ પ્રભુનાં ચુંબનનો, તેમની કરુણા અને પ્રેમનો લોકોને સાક્ષાત્કાર થવો શક્ય છે.

# શ્રી માતાજીએ પૂર્ણયોગ વ્યવહારુ ભૂમિકામાં ઊતાર્યો :

- જ્યોતિબેન થાનકી

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે જેમણે યોગસાધના કરવી હોય તેમણે સંસાર છોડી એકાંતમાં ચાલ્યા જવું જોઇએ. જનસમાજથી દૂર સઘન શાંતિમાં જ પરમાત્માનો સાક્ષાત્કાર થઇ શકે. પરંતુ શ્રી અરવિન્દ તો કહે છે, સમગ્ર જીવન એ યોગ છે. તેમના યોગમાં જીવનનો ત્યાગ નથી પણ જીવનનો સ્વીકાર છે. જીવનમાં રહીને જ પ્રભુનો સાક્ષાત્કાર કરવાનો છે અને પ્રભુને મેળવ્યા પછી પ્રભુની શક્તિથી પ્રકૃતિનું દિવ્ય-રૂપાંતર કરવાનું છે. પ્રભુની શક્તિથી મન, પ્રાણ અને શરીરની પ્રકૃતિને ધરમૂળથી બદલીને પ્રભુની પ્રકૃતિમાં મૂકી આપવાની છે. આવું રૂપાંતર તો જીવનની સઘળી પ્રવૃત્તિઓનો સ્વીકાર કરીને જ થઈ શકે. શ્રી અરવિન્દે એક પત્રમાં લખ્યું હતું કે ''આપણે આ યોગમાં જગતની કોઈ વસ્તુનો ત્યાગ કરવા માંગતા નથી. રાજકારણ, ઉદ્યોગ, સમાજ, કવિતા, સાહિત્ય, કલા બધી જ વસ્તુઓ કાયમ રહેશે પણ આપણે એ વસ્તુઓને નવો આત્મા, નવું રૂપ આપવું પડશે.'' આ કાર્ય શ્રી માતાજીએ કર્યું. એમણે માનવજીવનને સ્પર્શતી સઘળી પ્રવૃત્તિઓનો શ્રી અરવિન્દ આશ્રમમાં સ્વીકાર કર્યો. આ પ્રવૃત્તિઓને તેમણે નવા રૂપે, નવા આત્મામાં કંડારી અને માનવજીવનમાં યોગ ઊતરી આવે તો નાનામાં નાની પ્રવૃત્તિ પણ કેવી સુંદર બની રહે તે સિદ્ધ કરી આપ્યું. નાનામાં નાની ક્રિયા દ્વારા પણ પ્રભુનું પૂર્ણ સ્વરૂપ પ્રગટાવી શકાય છે અને દરેક ક્રિયા ભલે પછી સાવ તુચ્છ જણાતી હોય તો પણ તેના દ્વારા પરમાત્મા સાથે અનુસંધાન થઈ શકે છે, એ શ્રી માતાજીએ આશ્રમના અંતેવાસીઓને શીખવ્યું. શ્રી અરવિન્દે ગહન સાધનામાં જે સાક્ષાત્કારો મેળવ્યા, જે જ્ઞાન પ્રાપ્ત કર્યું, એ સઘળાંને શ્રી માતાજીએ રોજિંદા જીવનમાં ચરિતાર્થ કર્યાં. એમ કહી શકાય કે શ્રી અરવિન્દના યોગને શ્રી માતાજીએ માનવજીવનમાં ઊતારીને, જીવનને પ્રભુમય બનાવવાનો માર્ગ સુલભ કરી આપ્યો. અત્યાર સુધી જે યોગ ગણ્યાગાંઠ્યા મનુષ્યો માટે જ હતો એ યોગને શ્રી માતાજીએ સામાન્ય માનવજીવનને માટે પણ સુલભ કરી દીધો. શ્રી અરવિન્દે

આ વિષે એક પત્રમાં શિષ્યોને લખ્યું હતું કે ''જો શ્રી માતાજી ન હોત તો મારું સમગ્ર દર્શન સૈદ્ધાંતિક જ રહ્યું હોત. શ્રી માતાજીએ એને વ્યવહારુ રૂપ આપ્યું.'' શ્રી અરવિન્દના સમગ્ર દર્શનને, માનવજીવનની તમામ પ્રવૃત્તિઓમાં ઊતારીને, સમગ્ર જીવનને દિવ્યતામાં ઢાળવાનું કાર્ય શ્રી માતાજીએ કર્યું. જો શ્રી માતાજી ન હોત તો શ્રી અરવિન્દનો યોગ માત્ર થોડા શિષ્યો પૂરતો જ મર્યાદિત રહ્યો હોત ! તો શ્રી અરવિન્દ આશ્રમ કે શ્રી અરવિન્દ સોસાયટીના વિશ્વભરમાં આવેલાં કેન્દ્રો પણ ન હોત અને એ દ્વારા શ્રી અરવિન્દના યોગની જાણકારી સમગ્ર વિશ્વફલક ઉપર જે રીતે થઈ રહી છે, એ પણ શક્ય બન્યું ન હોત ! શ્રી માતાજીનું મોટામાં મોટું બીજું પ્રદાન તો મનુષ્યજાતિને દિવ્ય-રૂપાંતરની યોગની ભેટ આપવાનું છે. શ્રી માતાજીએ યોગ દ્વારા જીવનને પૂર્ણ બનાવવાની જાણે જાદુઈ ચાવી આપણને આપી દીધી છે ! યોગ દ્વારા પ્રભુ સાથેનો સીધો સંપર્ક કરાવી આપ્યો છે. હવે કોઈ પણ મનુષ્ય યોગ દ્વારા પ્રભુનાં બારણાં ખટખટાવી શકે, તેટલી સરળતા શ્રી માતાજીએ કરી આપી છે. આ બધું વિચારોમાં કે કલ્પનામાં નહીં, પણ નક્કર વાસ્તવિકતામાં શક્ય છે; એના પ્રત્યક્ષ દૃષ્ટાંતો પણ તેમણે આપણી સમક્ષ શ્રી અરવિન્દ આશ્રમના સાધકોના સઘળી પ્રવૃત્તિઓ દ્વારા મૂક્યાં છે. અંતરમાં અભીપ્સા-ઉત્કટ પ્રાર્થનાનો ભાવ હોય, હાથોથી પ્રભુને અર્પણરૂપે કાર્યો થતાં હોય, અને હૃદય દિવ્યશક્તિ પ્રત્યે ખુલ્લું હોય તો પરમાત્મા દૂર નથી. જ્યાં પરમાત્માની દિવ્ય-ચેતના છે ત્યાં આનંદ છે, સંવાદિતા છે, પ્રેમ છે, શક્તિ છે, તેથી ત્યાં જીવન મધુર છે. કાર્યો જ્યાં સાધનારૂપ છે, ત્યાં જીવનની ગતિ આનંદમાંથી આનંદ પ્રત્યે વહે છે. પ્રકાશમાંથી પ્રકાશ પ્રત્યે વહે છે. શ્રી માતાજીએ પૂર્ણયોગને માનવજીવનમાં પ્રસ્થાપિત કરીને માનવજાતિને માટે પરમાત્માનો સૂર્યપ્રકાશિત માર્ગ તૈયાર કરી આપ્યો છે. આપણે તો એ માર્ગ પર સડસડાટ ચાલ્યે જવાનું છે. શ્રી અરવિન્દને અને એમને આ માર્ગ કંડારવામાં જે કષ્ટો સહેવા પડ્યાં એમાનાં કોઇ કષ્ટો આપણે સહેવા નહીં પડે, કેમ કે હવે શ્રી માતાજીએ પૂર્ણયોગ દ્વારા પ્રભુને જીવનમાં ઊતારી લાવવાનો સીધો માર્ગ તૈયાર કરી આપ્યો છે.

**આધ્યાત્મિક માતૃત્વ :**

જન્મદાત્રી માતા બાળકને જન્મ આપીને પાલનપોષણ કરીને મોટું કરે છે જ્યારે શ્રી માતાજીએ પોતાની સમીપ આવનારાં સર્વ બાળકોની ભૌતિક

જરૂરિયાતો તો પૂરી પાડી જ હતી, પણ એથી ય વિશેષ આંતરિક જરૂરિયાતો પૂરી પાડીને તેઓ પોતાનાં બાળકોને આત્માનાં અલૌકિક પ્રદેશમાં લઈ જતાં હતાં. દુન્યવી જીવન નહીં પણ આત્માના સાચા જીવનની ભેટ આપતાં હતાં. આ સંદર્ભમાં શ્રી અરવિન્દે શિષ્યને પત્રમાં લખ્યું હતું કે ''જેઓ શ્રી માતાજીનો સ્વીકાર કરે છે, તે સર્વની અને શ્રી માતાજીની વચ્ચેનો સંબંધ એક આધ્યાત્મિક માતૃત્વનો છે. સ્થૂળ રીતે જન્મ આપનારી માતાને પોતાના બાળક સાથે જે સંબંધ હોય છે, તે કરતાં પણ અનેકગણો મહાન આ સંબંધ રહેલો છે. માણસોને તેમની મા પાસેથી જે કંઈ મળે છે, તે બધું જ શ્રી માતાજી આપે છે અને તે પણ ઘણી ઉચ્ચ રીતે, આ ઉપરાંત બીજી વસ્તુઓ પણ શ્રી માતાજી સાથેના સંબંધમાં રહેલી છે.'' શ્રી માતાજી ફક્ત શ્રી અરવિન્દ આશ્રમના અંતેવાસીઓનાં જ મા નહોતાં, પણ તેઓ તો સમગ્રવિશ્વનાં માતા હતાં. તેમની પાસે જે કોઈ આવતું, તે સર્વેને તેઓ આત્માના અસીમ આનંદમાં મૂકી આપતાં. જેઓ શ્રી માતાજીને એક ક્ષણ માટે પણ મળ્યા છે, તેઓ તેમને ક્યારેય ભૂલી શકતાં નથી. સંસારનાં સઘળાં દુઃખોને વિલીન કરી દેતું એમનું દૈવીસ્મિત, આંખો વાટે માનવના તમસનાં સઘળાં આવરણોને ભેદીને આત્માના પ્રદેશમાં સીધી ઊતરી જતી એમની પારદર્શક દૃષ્ટિ, અને ભૌતિક-દુન્યવી જીવનની પેલે પાર પ્રભુના દિવ્ય સામ્રાજ્ય પ્રત્યે ચેતનાનો ઉઘાડ કરી દેતો એમનો દિવ્ય મધુર સ્પર્શ ! બધું જ અલૌકિક, અવર્ણનીય અને અદ્‌ભુત ! એમની એ દિવ્યશક્તિનો થોડીક ક્ષણોનો અનુભવ પણ અસંખ્ય મનુષ્યોને દિવ્યજીવનની અનુપમ ભેટ આપનાર બની રહ્યો છે - આથી જ એમને મળનાર વ્યક્તિ પછી તે ભલે સાધક હોય કે ન હોય, તો પણ તેમને ક્યારેય ભૂલી શકતી નથી. અને શ્રી માતાજી પણ એમને કદી ભૂલતાં નહીં. તેમણે પોતે જ કહ્યું હતું કે ''જેમને હું એક ક્ષણ માટે પણ મળી છું, તેમના જન્મોજન્મની જવાબદારી હું ઉપાડી લઉં છું.'' જ્યાં સુધી આત્મા પરમાત્મા સાથે તદ્રુપ ન બને, ત્યાં સુધી ભલે તે કેટલાય જન્મો વીતી જાય, પણ શ્રી માતાજીની સહાય એ આત્માને જન્મોજનમ મળતી રહે છે અને એ વ્યક્તિ જાગ્રત હોય, નિષ્ઠાવાન અને શ્રદ્ધાળુ હોય તો તો શ્રી માતાજીની સહાયથી તે અનેક જન્મોનાં ચક્રોને ઠેકાવી લઈને ખૂબ ઝડપથી પરમાત્મા પ્રત્યે ગતિ કરી શકે છે.

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો
# પ્રકૃતિ અને તેનાં બળો
## (માતૃવાણી ભા.-૧૫, પૃ.૯ - ૨૪) (ચર્ચાના મુદ્દા સંક્ષેપમાં)

પ્રકરણ - ૧૬

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ પ્રકૃતિ પોતાની સુંદરતા અને વિપુલતા દ્વારા પ્રભુને સમર્પિત થાય છે. પૃ.૯

૨ પ્રકૃતિમાં પ્રકાશની તૃષા છે. તે તૃપ્ત થશે એની તેને ખાતરી છે. પૃ.૯

૩ માનવ પોતાનાં અવિચારી - કૃત્યોથી પૃથ્વીને કદરૂપી, વિરાન બનાવીને દુઃખી કરી રહ્યો છે. પૃ.૯

૪ પસંદગીઓથી પર અને વિશાળ ચેતના ધરાવતા માનવો જ પ્રકૃતિ સાથે આત્મીયતા કેળવી શકે છે. પૃ.૯

૫ પ્રકૃતિનાં બળો સૂક્ષ્મ-સત્ત્વોની (દેવો, ઉચ્ચતર-સત્ત્વો, અસુરો, અવતારો, વિરોધીબળો વગેરે) ક્ષમતાઓ દ્વારા બાહ્યજગત ઉપર કાર્ય કરે છે. તે માનવને જણાવવા માગે છે કે ભૌતિક રીતે માનવ-પ્રકૃતિ સામે કોઇ જ નથી પણ આધ્યાત્મિક રીતે સર્વસ્વ છે. પૃ.૧૦

૬ પ્રકૃતિ પોતાની રીતે યોગમાં સહકાર આપે છે અને આપવા તૈયાર છે. પૃ.૧૦

૭ કુદરતી રીતે વિકાસ એ જ વિકાસનો નિયમ છે. પ્રકૃતિ વિકાસશીલ છે, પૂર્ણ નથી. સમય અને સંજોગોનુસાર પૂર્ણતા ઓછીવત્તિ પ્રગટ થાય છે. પૃ.૧૦

૮ તેથી અપૂર્ણ અને અશુદ્ધ-પ્રકૃતિના ગુલામ ન થવું. પૃ.૧૦

૯ પ્રભુ કાર્યનું સત્ય જોઇ સંજોગો પ્રમાણે તેને પ્રગટ કરવાની શ્રેષ્ઠ રીત શોધી કાઢે છે અને તે રીતે કાર્ય કરે છે અને યશસ્વી થાય છે પણ પ્રકૃતિ જે પ્રથમ સરળ પર્યાય લાગે તે રીતે આગળ વધી જાય છે, સફળ કે નિષ્ફળ થાય છે. તેમનો ઉપયોગ નવી પ્રગતિમાં કરે છે. તેની રીત પ્રયત્ન અને ભૂલો કરી (Trial and error) આગળ વધવાની છે. પૃ.૧૦

૧૦ પ્રકૃતિ વિનાશદ્વારા પણ પ્રગતિ કરવા ઇચ્છે છે. પ્રભુ રૂપાંતર દ્વારા. પૃ.૧૧

૧૧ પ્રકૃતિનો સહયોગ ઇચ્છતા હો તો સભાન બનો, મહેનતુ બનો, ચોક્કસાઇ રાખો, જાગરૂક અને સાવધાન રહો. કોઇ વસ્તુ ધ્યાન બહાર છૂટી ન જાય તેની કાળજી રાખો. તમારી સલામતી પ્રકૃતિના સહકારમાં છે. પૃ.૧૧

૧૨ માનવ ઉત્સવપ્રિય છે અને ઉત્સવને આધ્યાત્મિક અર્થ આપે છે. પૃ.૧૨

## રાધા અને કૃષ્ણ

૧૩ કૃષ્ણ વિશ્વરૂપ દેવ (વાસુદેવ) અને હૃદયસ્થ દેવ બન્નેનું પ્રતિનિધિત્વ કરે છે અને તેથી હૃદયમાં અને જગતનાં સર્વે રૂપોમાં પ્રભુની હાજરીનો અનુભવ કરાવવાની ક્ષમતા ધરાવે છે. પૃ.૧૨

૧૪ પ્રભુની હાજરી વિકાસશીલ રીતે વધુ ને વધુ અનુભવાય છે તેના પ્રતીક તરીકે વિકસતા બાલકૃષ્ણની ઉપાસના દૃઢ થએલી છે. પૃ.૧૨

૧૫ જગતમાં વિકસતી પ્રભુની હાજરી એ જ કૃષ્ણની બાળલીલા છે. પૃ.૧૨

૧૬ વિકસતી લીલા વધુ ને વધુ સંવાદમય, કૃપાવંત અને આનંદમય બનશે. પૃ.૧૨

૧૭ કૃષ્ણની લીલા સૌંદર્ય, પ્રેમ અને આનંદમાં તમારી પ્રગતિ કરાવે છે, પણ તે લીલા બાહ્ય દેખાવોથી ઢંકાએલી હોય છે. પૃ.૧૨

૧૮ કૃષ્ણ શારીરિકમાં લીલા કરે છે ત્યારે એક નવીન પ્રગતિનો તબક્કો ઉત્ક્રાંતિ હાંસલ કરે છે. તે અવતારી લીલા હોય છે. પૃ.૧૨

૧૯ રાધા અસ્તિત્વ ધરાવતી હતી અને હજી ધરાવે છે. પૃ.૧૨

૨૦ રાધાની ચેતના પ્રભુપ્રત્યેનું પૂર્ણ - પ્રેમ અને સમર્પણ છે. પૃ.૧૩

## મહાકાળી

મહાકાળીની શક્તિ જ્યારે સાધકમાં જાગૃત થઇને શત્રુઓનો અને જામી બેઠેલાં વિઘ્નોનો નાશ કરવા પ્રવૃત્ત થાય છે ત્યારે કોઇ ઝડપી, નિર્ણાયક, વટહુકમ બહાર પડ્યો હોય એમ લાગે છે ! તે દિવ્ય અથવા અતિમાનસિક અનુમતિરૂપે હોય છે. વિરોધી-બળોના બધાં પ્રયત્નો ભાંગી પડે છે. જે સત્ય છે તે અડગરીતે ટકી રહે છે. મુશ્કેલીઓ પોતાની તાકાત ગુમાવી બેસે છે, તે નિષ્પરિણામી બને છે.

મહાકાળીનું સ્વરૂપ પ્રભુના રણઝણતા અને સક્રિય, સમર્થ પ્રેમની અભિવ્યક્તિ છે, તેથી તેના પ્રકાશમાં એક સોનેરી આભા હોય છે. તે રૂપાંતરના કાર્યને આગળ વધારે છે. તે ઉચ્ચતર ભૂમિકામાં વધુ કામ કરે છે. પ્રાણમાં તે દંભ,

જૂઠાણું અને દુરિચ્છાનો વિનાશ કરવા પ્રગટ થાય છે, જે શુભ, સચ્ચાઈપૂર્ણ, પ્રગતિશીલ છે તેનો તે વિનાશ કરતી નથી પણ રક્ષણ કરે છે. પૃથ્વીના રૂપાંતરને ઝડપી બનાવવા મહાકાળીનું બળ ઉલ્કાપાતો, પ્રાકૃતિક વિનાશ (ધરતીકંપ, વાવાઝોડું, પૂર, જ્વાલામુખીના વિસ્ફોટો) તેમ જ માનવોનાં હિંસક કૃત્યો (યુદ્ધો, ક્રાંતિઓ, બંડો) સર્જે છે. આમાં જે દિવ્ય છે તે બચી જાય છે. વિકૃત છે તે વિનાશ પામે છે. જેટલી અપૂર્ણતા વધારે તેટલો વિનાશ મોટો. વિનાશ જે પાઠ શીખવે છે તે શીખી જરૂરી પ્રગતિ કરી લેવી જોઈએ. પૃ.૧૫

### મહાલક્ષ્મી

મહાલક્ષ્મી જીવનનાં બધાં જ ક્ષેત્રોની સંપત્તિ આપે છે. તે આધ્યાત્મિક, ચૈતસિક, બૌદ્ધિક, ભાવનાત્મક, પ્રાણમય અને ભૌતિક બધી જ પ્રકારની સંપત્તિ આપે છે. સંપત્તિનો અર્થ વ્યવસ્થિત ગોઠવણી. દરેક વસ્તુને પોતાની જગ્યાએ સ્થાન અને મૂલ્ય આપવામાં આવે છે અને તે મૂલ્ય સત્યની દૃષ્ટિએ જ આપવામાં આવે છે. આ બધાં દિવ્ય-જીવન પ્રગટાવવામાં પોષણ આપે છે. દિવ્ય-પોષણ આપવું એ જ મહાલક્ષ્મીનું કાર્ય છે. પૃ.૧૫

### મહાસરસ્વતી

પૂર્ણતા આપવી એ મહાસરસ્વતીનું કાર્ય છે. ફક્ત પ્રભુમાં જ પૂર્ણતા છે, તેથી પ્રભુમય જીવનની (દિવ્યજીવનની) રચના એ જ મહાસરસ્વતીનું કાર્ય છે.

અધિમનસના ઉપરના ક્ષેત્રમાં જ શ્રી અરવિન્દે 'મા' પુસ્તકમાં વર્ણવેલાં જગન્માતાના ચાર સ્વરૂપો વસે છે. તે ત્યાં સરળ, સ્પષ્ટ અને હૃદયંગમ હોય છે. તેઓ નિમ્નક્ષેત્રમાં વિવિધ શક્તિ અને ક્ષમતાઓ તરીકે આવિર્ભાવ પામે છે અને જટિલતા ધારણ કરે છે. ધર્મમાં તેનાં જ પ્રતીકાત્મક રૂપો દર્શાવેલાં છે. પૃ.૧૬

### અવતાર

૧ અવતાર એટલે શરીરમાં આવિર્ભાવ પામેલા પરમાત્મા. પૃ.૧૬

૨ અવતાર ઉત્ક્રાંતિનાં તબક્કાનુસાર સહુથી પ્રગત પ્રાણીનું શરીર ધારણ કરે છે. હવે અતિમાનવ-શરીર ધારણ કરશે. પૃ.૧૬

૩ પ્રભુ સર્વશક્તિમાન છે, ઊર્ધ્વમાં રહીને અવતાર લીધા વગર પણ તેઓ પોતે ઉત્ક્રાંતિને આગળ ધપાવી શક્યા હોત, પણ તેઓ પોતે ઉત્ક્રાંતિનો બોજો સહી

(અનુ.પૃ.૨૩ ઉપર)

# શ્રી માતાજીની અલૌકિક માર્ગદર્શન પદ્ધતિ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(સાભાર : My Savitri Work with the Mother by Huta)

**- હુતાજી**

હું શરીરની બહાર નીકળી ગઇ હતી. મારું સૂક્ષ્મ શરીર ભવ્ય અંતરિક્ષમાં ઉપર ને ઉપર ચડતું જઇ રહ્યું હતું. ચંદ્ર અને તારાઓ દેખાતા હતાં. વાતાવરણ પ્રકાશસભર શીતલ અને આરામદાયક હતું. મુક્ત પંખીની જેમ હું ગતિ કરી રહી હતી. ધીમે ધીમે ચંદ્ર અને તારા દેખાતા બંધ થયાં. આકાશીય પિંડોથી ઉપરના પ્રદેશમાં હું પ્રવેશી હતી. સામે અસીમ અંતરિક્ષ પથરાયેલું હતું. અચાનક મને ક્ષિતિજ ઉપર કોઇક વસ્તુ ચમકતી દેખાઇ. હું તે તરફ આગળ વધી. હવે મારો પ્રવાસ ઊર્ધ્વ દિશામાં નહોતો પણ સમક્ષિતિજ હતો. જાણે અંતરિક્ષરૂપી તળાવમાં તરતી ન હોઉં ! હું મારા લક્ષ્યની પાસે ને પાસે જઇ રહી હતી. મારી પ્રથમ દૃષ્ટિને બે વિશાળ સૂર્યો દેખાયા. જમણી બાજુનો સૂર્ય સુવર્ણમય પીળાશ પડતો હતો. ડાબી બાજુનો સૂર્ય સુર્વણમય રતુમડો હતો. બન્નેની કિનારી એકબીજાની અડોઅડ હતી. અંતરિક્ષરૂપી તળાવ જાણે હીરક પ્રકાશના કમળો અને પાચું જેવા લીલાછમ પ્રકાશનાં પાંદડાંઓથી ખચોખચ ભરાએલું હતું. સૂર્યોના પ્રકાશથી તેમનું સૌંદર્ય એવું ખીલેલું હતું કે જોતા જ શ્વાસ થંભી જાય ! હવે હું તે તળાવના થોડા ઉપર તરી રહી હતી. દિવ્યપ્રભુએ વાતાવરણને સૌંદર્ય, શાંતિ અને ભવ્યતાથી ભરી દીધું હતું. આ નવીન ચેતનાથી હું તરબતર થઈ રહી હતી.

હું સૂર્યો પાસે જઇ પહોંચી. તેમની શક્તિમાં શાંતિ અને સ્થિરતા હતી. ત્યારે મને બન્ને સૂર્યો વચ્ચેથી જતો એક માર્ગ દેખાયો. હું તેમાં પ્રવેશી પેલી પાર મને સૂર્ય જગત દેખાયું. સર્વત્ર સુવર્ણમય પ્રકાશ ઝળહળી રહ્યો હતો. હું તે દિવ્યભૂમિ ઉપર ઊતરી પણ આશ્ચર્ય ! હું તેથી થોડી અદ્ધર જ રહી. મારા પગ ભૂમિને સ્પર્શતા જ નહોતા. હું ચાલતી નહોતી પણ તરતી હતી. મને થોડાક પ્રકાશમય સત્ત્વોનો ભેટો થયો. તેઓ સક્રિય હતાં પણ તેથી કોઇ અવાજ થતો નહોતો. બધું જ દિવ્ય હતું. મને ત્યાં શાંતિ, સંવાદિતા, સૌંદર્ય, સ્તબ્ધતા અને પૂર્ણ-ચેતનાનો અનુભવ થયો. સુવર્ણમય પ્રકાશમાં હું નહાતી હતી. શાંત સૌમ્ય આનંદથી સ્વરૂપ છલોછલ ભરાઇ ગયું હતું.

હું અહીંતહીં ફરતી રહી. ત્યાંનાં સત્ત્વો સાથે વિનિમય પણ કરતી રહી. મને તે વસ્તુ નવીન લાગી નહિ. તે સુવર્ણમય પ્રદેશ સાથે હું એકરૂપ થઈ ગઇ હતી.

આ અસત્યના અંધકારમય જગતમાં પાછા ફરવાની મને ઈચ્છા નહોતી પણ અરેરે ! બીજે દિવસે મેં મને મારી પથારીમાં સૂતેલી જોઇ.''

આ અનુભૂતિનો અર્થ નીચે મુજબનો છે.

આ અનુભવ ભૌતિક-શરીરની બહાર બહિર્ગમન કરવાનો છે. આકાશમાં ઉપર ચડવું એ ચેતનાના આરોહણના પ્રતીકાત્મક સંવેદનો છે. બે સૂર્યો એ સ્થૂળ અને સૂક્ષ્મ-શરીરમાંના દિવ્ય-પાર્થિવપુરુષ અને દિવ્ય-મનોમયપુરુષના દર્શન છે. રતુમડી ઝાંય પાર્થિવ તત્ત્વની હોય છે. પીળાશ પડતી ઝાંય મનોમય તત્ત્વની. બે સૂર્યો વચ્ચેના માર્ગથી પેલીપાર જવું એ કારણ શરીરનાં પ્રવેશનાં સંવેદનોનું પ્રતીક છે. સુવર્ણમય પ્રદેશ એટલે અતિમનસ જગત, હુતાજીના પગ અતિમનસની ભૂમિને સ્પર્શી શકતા નહોતા. કારણ ઉત્ક્રાંતિના તબક્કામાં સદેહે અતિમનસ જગતમાં પ્રવેશવું શક્ય નથી. કારણ હજી પ્રકૃતિનું રૂપાંતર થએલ નથી. પણ અતિમનસના જગતનાં સત્ત્વો સાથે વિનિમય કારણ શરીર દ્વારા કરી શકાય છે.

આમ શ્રી માતાજી હુતાજીને અનુભૂતિઓ દ્વારા અતિમનસ જગતનો પરિચય કરાવી પેન્ટિગ દ્વારા આ આંતરિક અનુભૂતિઓને અભિવ્યક્ત કરાવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા.

---

## મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર સ્થાપના દિન

મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર - રાજકોટના સ્થાપના દિન નિમિત્તે શ્રી અરવિન્દ તત્ત્વજ્ઞાનના ચિંતક શ્રી જ્યોતિબેન થાનકી સાથે સહમનન, સહચિંતનનો સત્સંગ સમારોહ યોજેલ છે, તેનો સર્વે અભીપ્સુઓએ લાભ લેવા વિનંતી

**કાર્યક્રમની રૂપરેખા**

**તારીખ** : ૬ અને ૭ જુલાઈ ૨૦૧૨ - **સ્થળ :** મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર
**વિષય** : **શ્રી માતાજીનું જીવનકાર્ય**
**સમય** : **સવારે :** ૧૦.૦૦ થી ૧૧.૩૦ - ધ્યાન અને સત્સંગ
**સાંજે :** ૬.૩૦ થી ૮.૦૦ સત્સંગ અને ધ્યાન

# સાવિત્રી
- શ્રી અરવિંદ

સમજૂતી - માનસિંહ ચાવડા

## પ્રભુનો પ્રયોગ

પ્રકરણ - ૧૦
(Savitri B-1, C-3, P - 42-43)

A spirit hid in forces and in forms
Was the spectator of the mobile scene:
The beauty and the ceaseless miracle
Let in a glow of the Unmanifest:
The formless Everlasting moved in it
Seeking its own perfect form in souls and things

જે ઊર્ધ્વમાંના ચેતનાના અવતરણને લીધે અવચેતન અને અચેતનમાંનાં સત્યો સળવળવા માંડ્યાં હતાં, તે સત્યો તો ખરેખર ચેતનાને પ્રગટ કરવાનાં ખોખાં અને નામરૂપ જ હોય છે, કોઈ આકાર તરીકે અને કોઈ તે આકારદ્વારા પ્રગટ થતી ક્ષમતા કે શક્તિ સ્વરૂપનાં. આ રૂપ અને શક્તિસ્વરૂપ અવતરણ પામેલી ચેતનાનો પ્રવેશ જાણે ચેતનાને પોતાને છુપાવી દેવાનો પ્રયત્ન હતો અને ઊર્ધ્વમાં રહેલી ચેતના આ બધી ગતિવિધિ (mobile scene) પોતાના આયોજનરૂપે થઈ રહી છે એ જોઈ રહી હતી (Spectator). આ ઘટના એક સતત-ચાલતા (ceaseless) ચમત્કાર જેવી છે, પણ તેમાં પ્રભુનાં આંતર-વૈભવનો ખજાનો પ્રગટ થતો હોવાથી તે એક સુંદર-કાર્ય પણ બની જાય છે. પ્રભુ તો અવ્યક્ત છે Unmenifest છે. તેમને વ્યક્ત થવું છે અને જ્યારે તે પોતાને પ્રગટ કરવા પ્રયત્ન કરે છે, ત્યારે ત્યાં એક વધારે તીવ્ર પ્રકાશ પ્રગટ થવા માંડે છે (glow) કારણ તે વખતે પ્રભુ આંતરિક રીતે પોતાની જ ચેતનાના તે વિસ્તારમાં પોતાનું સંકલ્પ-બળ મૂકીને એકાગ્ર થએલાં હોય છે. આ એકાગ્રતાની

તીવ્રતા જ પેલા ઝગારા તરીકે પ્રગટ થાય છે.

ચેતના અવ્યક્ત છે, કારણ તે નિરાકાર હોય છે. તેની સનાતન નિરાકારતાને છોડીને તે પ્રગટ થવા સાકાર થાય છે. રામકૃષ્ણ પરમહંસ કહેતા તેમ જળ જેવો નિરાકાર-પ્રભુ ભક્તિનો ઠંડો પવન વહેતા જ સાકાર બરફ જેવો બની જાય છે ! તે પ્રભુ પોતાને પૂર્ણ રીતે, કાયમી સ્વરૂપે પ્રગટ કરી શકે તેવાં સ્વરૂપો અને આકારો શોધવા જાણે નીકળી પડ્યાં છે ! અત્યાર સુધી અનંત આકારોને ચકાસ્યા છે અને પડતા મૂક્યાં છે. જે આકારમાં આશા દેખાઈ છે તેમને વિકસાવી રહ્યાં છે. અવનવા આકારોને ગૂઢ રીતે પોતાની ચેતનાનાં જ અસીમ વિસ્તારમાંથી બોલાવી-બોલાવીને વીણીવીણીને પ્રગટ કરી રહ્યાં છે. આવા સ્વરૂપોને જ આપણે આત્માઓ કહીએ છીએ (souls) અને તેમને દિવ્ય-શરીર ધારણ કરવાં તેવા શુદ્ધ રૂપાંતરિત તત્ત્વો પણ (things) વિકસાવી રહ્યાં છે.

Life no more a dull and meaningless shape.
In the struggle and upheaval of the world
He saw the labour of a god head's birth:
A secret knowledge masked as Ignorance;
Fate covered with unseen necessity
The game of chance of an omnipotent will.

પ્રભુના ઉપરોક્ત કાર્યને લીધે હવે જીવનનો આવિર્ભાવ એ કાંઈ નિરર્થક આકાર અને નિરસ ઘટના નહોતી રહી. તેમાં થતું ચેતનાનું કાર્ય, વિકાસ અને અવરોધો ઉપર સ્થાપિત થતો વિજય એ એક રોમાંચક રહસ્ય-કથા બની ગઈ હતી. અશ્વપતિનો જગત તરફ જોવાનો દૃષ્ટિકોણ જ બદલાવા માંડ્યો હતો. તેને જગત પ્રભુનો જ વિરાટ - દેહ લાગવા માંડેલો. તેને વિરાટનાં દર્શન થવા લાગેલાં - અર્જુનની જેમ અશ્વપતિને લાગ્યું કે આ જગતમાં ચાલી રહેલ મહાસંઘર્ષ અને અવ્યવસ્થા (upheaval)ની પાછળ જાણે પ્રભુ જન્મ લઈ રહ્યાં છે ! ભલે તે જન્મનું સ્વરૂપ હાલમાં નિર્બળ, અક્ષમ, વિરૂપ કે વ્યર્થ લાગે પણ તેની દ્વારા જ પ્રભુ વધારે વિકસિત સ્વરૂપો રચવા અથાક પ્રયત્નો કરી રહ્યાં છે (labour). આ પ્રાણીઓ જે અજ્ઞાન ધરાવે છે તે તો બહારથી દેખાતો એક અંચળોમાત્ર છે, અંધારપિછોડો માત્ર છે. તેની પાછળ તો એક ગૂઢ-જ્ઞાન, ગુપ્તજ્ઞાન વિકાસ પામી રહ્યું છે. અચિત્‌નો અંધકાર અને અજ્ઞાન એ તેનું જાણે બાહ્ય સંરક્ષણાત્મક કવચ છે - કોચલું માત્ર છે, પ્રારબ્ધ છે. તે તો આ જીવતા

પ્રાણીઓને અજાણ (unseen) એવી પૂર્વતૈયારી રૂપ જ છે. તે જાણે અજાણતા બધી પૂર્વ - જરૂરિયાતો રચી રહ્યાં છે ! બહારથી જે આકસ્મિક વાત લાગે છે, કાગનું બેસવું અને ડાળનું પડવું લાગે છે, અસંબદ્ધ ઘટનાઓ લાગે છે; તે તો નીચે અવ્યક્ત રહેલા સત્યનાં વિવિધ પ્રગટ ભાગ રૂપ જ છે. નીચે અજ્ઞાતમાં જોડાએલાં છે. પ્રગટમાં જોડાણ વગરનાં, એકબીજાથી તદ્દન અલિપ્ત રહે છે. આ બધું પેલા સર્વજ્ઞ પ્રભુનું ગૂઢ આયોજન હોય છે. તે સર્વસમર્થ પ્રભુની પોતાની પ્રગટ થવાની આગવી રીત અને શૈલી હોય છે, style હોય છે. શ્રી અરવિન્દ "Will"નો આદ્યાક્ષર કેપિટલ કરીને તે પ્રભુનાં સંકલ્પ છે એમ દર્શાવે છે.

The All-blissful sat unknown within the heart:
Earth's pain were the ransom of its prisoned delight.
A glad communion tinged the passing hours;
The days were travellers on a destined road,
The nights companions of his musing spirit.

આ વિકાસ પામતાં સ્વરૂપોમાં, તેમનાથી અજાણ એવા પૂર્ણ આનંદસ્વરૂપ પ્રભુ બિરાજેલાં હોય છે. તે સ્વરૂપ બહાર સુખ અને આનંદ શોધતું ફરે છે અને અંદર તો આનંદનો અમૃત-કલશ છલકાતો હોય છે. કસ્તુરીમૃગ જેવી તેની દયામણી અવસ્થા હોય છે ! દાટેલા ચરુ ઉપર બેસી જીવનપર્યંત ભૂખ્યો ટળવળતો ભિખારી જેવો તે બેહાલ હોય છે ! તેનાં શારીરિક-કષ્ટો (earth's) એટલે તીવ્ર અને અસહ્ય આનંદને ઝીલવાની અક્ષમતા સ્વરૂપ હોય છે. કરોડોની લૉટરી લાગેલી સાંભળી ભિખારીનું હૃદય બેસી જાય તેવી આ ઘટના હોય છે. શરીરની મર્યાદાઓ જ દુઃખ પેદા કરે છે. તે મર્યાદાઓ ત્યાગવી, ઓળંગવી જરૂરી છે. મર્યાદાઓની આળપંપાળ કરતાં-કરતાં આનંદ શોધવો એટલે અપથ્ય સેવતા- સેવતા દવા લેવા જેવું છે, ફૂટેલાં વાસણમાં અમૃત રેડવા જેવું છે. ઝેરની ચાસણીમાં મીઠાઈ બોળી ખાવાની મૂર્ખતામાત્ર છે.

પણ આવી ભૂલો અને મૂર્ખાઈઓમાંથી ધીમી ગતિએ પ્રગતિ તો  થતી જ હોય છે. ધીમે ધીમે માનવ પરમ-ચેતનાના સંપર્કમાં મુકાય છે. વ્યક્તિ આંતરિક ઊઘાડ અનુભવે છે અને પ્રભુ સાથે વાર્તાલાપ રચાય છે. શ્રી અરવિન્દ આને "Great Communion" કહે છે, 'મહાસંવાદ' કહે છે, કારણ આમાં પ્રભુ સાથે સંવાદ રચાય છે. આવા મહાસંવાદની ક્ષણોને કારણે જે પસાર થતો જીવનનો કાળ થોડોક ઉજળો

ભાસે છે અને જીવન-કાળનાં દિવસો એ જાણે નિયત-માર્ગે આગળ વધતા વટેમાર્ગુ જેવા લાગે છે. સારાંશ, પ્રાણી જાણે કે ન જાણે તેના ચેતનાનો વિકાસ તો પ્રભુએ તેના માટે સેવેલા સંકલ્પના અનુસાર જ થતો હોય છે અને રાત્રીઓ તે આનંદ-કિલ્લોલ કરતી ચેતનાની સખીઓ બની જાય છે, કારણ રાત્રે ઊંઘમાં ચેતના પોતાની ચેતનાના વિકાસાનુસાર દેહમાંથી બહાર નીકળી વિવિધ લોકોના પ્રવાસે ઉપડી જતી હોય છે. વિવિધ રોચક અનુભવો મેળવતી હોય છે અને સાથેસાથે દેહભાવને નીચેથી ખોતરી-ખોતરીને પોતાને તેથી અલગ અનુભવવાનો અભ્યાસ પણ કરતી હોય છે.

A heavenly impetus quickened all his breast;
The trudge of time changed to a splendid march,
The divine Dwarf towered to unconquered worlds,
Earth grew too narrow for his victory.

તે પ્રાણીઓનાં હૃદયમાં દિવ્ય-ભાવોની દિવ્ય - પ્રેરણાઓ (impetus) હવે વારંવાર નિર્માણ થાય છે અને તેને કારણે થાકેલા, હારેલા, લથડિયાં ખાતા પ્રવાસીની ચાલ જેવી (trudge) ચાલતી ઉત્ક્રાંતિ હવે ઉત્સાહથી ડગ માંડતી ઉત્ક્રાંતિ બની ગઈ હતી અને અદ્‌ભુત - પરિણામો (splendid) લાવી રહી હતી. પેલો નબળો નાનકડો દિવ્ય ચૈત્યપુરુષ (Divine Dwarf) ધીમે ધીમે પોતાના અનિયંત્રિત પાર્થિવ, પ્રાણમય વગેરે કોષોને ધીમે ધીમે પોતાના આધિન કરવા લાગ્યો હતો અને પોતાની ક્ષમતાને વધારે ઉચ્ચ સ્તરે (towered) મૂકતો જતો હતો. બીજા અર્થમાં કહીએ તો આ કોષો હવે પાર્થિવ શરીર દ્વારા સારી રીતે પ્રગટ થવા લાગ્યાં હતાં. ફક્ત ભૌતિક - ચેતનામાં જીવવું ચૈત્યપુરુષને અસહ્ય (too narrow) લાગવા માંડ્યું હતું. તેના વિજયને હવે જાણે કોઈ મર્યાદાઓ નડતી નહોતી !

Once only registered the heavy tread
Of a blind Power on human littleness,
Life now became a sure approach to God,
Existence a divine experiment
And cosmos the soul's opportunity.

માનવી-ચેતનાના વિકાસમાં એક જ વખત આવી ઘટના નોંધાઈ છે, જ્યારે

(અનુ. પૃ.૨૬ ઉપર)

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

# ખ્રિશ્ચિયન અધ્યાત્મ અને શ્રી અરવિન્દ

(ભા.-૧, પૃ.૧૩૯-૧૪૩)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ દિવ્ય-જીવનમાંનું 'આપણે તેવી ઊંચાઈએ પહોંચી શકીએ' તે સમગ્ર માનવજાતિના સંદર્ભમાં વપરાયેલું નથી પણ આંતરિક-આધ્યાત્મિક જીવનમાં વિકાસ સાધેલ વ્યક્તિઓ માટે વપરાએલું છે. પૃ.૧૪૦

૨ પૃથ્વી તેના માટે પગ મૂકવાનું સાધન છે - આલ્ડયૂઅસ હકસ્લી. The Perenial Philosophy. P.13

૩ આધ્યાત્મિક-જ્ઞાનને આ જગતમાં મનોવિજ્ઞાનની સપાટીએ તથા બાહ્ય-જીવનમાં બંધબેસતું કરવું એ મહામુશ્કેલ કાર્ય હતું. પૃ.૧૪૧

૪ યુરોપના લેખકો બુદ્ધવાદ અને મિથ્યાવાદને જ એશિયાના સમગ્ર જ્ઞાન તરીકે સ્વીકારે છે. પૃ.૧૪૧

૫ આત્માના પ્રભુ સાથેના મિલનથી પાપમાંથી પવિત્રતા તરફ, પ્રેમથી પૂર્ણ બુદ્ધિમય પ્રકાશ તરફનું રૂપાંતર હોય છે. (ખ્રિશ્ચયન વિચાર) મારા અને આવા ખ્રિશ્ચયન રૂપાંતરના આ બે કક્ષાઓમાં પ્રચંડ તફાવત છે. પૃ.૧૪૩

૬ આપણે માટે મુક્તિ એટલે અવિદ્યામય પ્રકૃતિના બંધનમાંથી મુક્તિ. તેનું દિવ્ય-પ્રકૃતિમાં રૂપાંતર. પૃ.૧૪૩

૭ કોઈપણ કર્મ મુક્ત હોઈ શકે નહિ. આ કેથૉલિક ખ્યાલ આધ્યાત્મિક જ્ઞાન જેટલો જ પ્રાચીન છે. પૃ.૧૪૩

૮ પ્રભુકૃપાથી વિશુદ્ધિ એટલે નૈતિક વિશુદ્ધિ હોય તો તે બહુ થોડે સુધી જ ચાલી શકે છે. પૃ.૧૪૩

૯ 'દેવત્વ' ફક્ત બૌદ્ધિક પ્રકાશ જ હોય તો તે તે એક ક્ષુદ્ર બનાવ હોવો

જોઈએ. પૃ.૧૪૩

૧૦ રૂપાંતર પરાપ્રકૃતિની શુદ્ધિ અને દિવ્યતાની માગણી પણ કરે છે. પૃ.૧૪૪

૧૧ માનવનું મૂળતત્ત્વ 'અહંકાર' નથી. - સોહમ્, તત્ત્વમસિ..... તે પ્રભુનો શાશ્વત અંશ છે. પૃ.૧૪૪

૧૨ બાહ્ય-વ્યક્તિત્વ એક કામચલાઉ રચના છે - એક શાશ્વત 'હું' છે જે જુદી જુદી જિંદગીમાં જુદાં જુદાં વ્યક્તિત્વો ધારણ કરે છે. ક્રિશ્ચિયન ખ્યાલ આપણા અત્યારના વ્યક્તિત્વને જ સમગ્ર આત્મા ગણે છે. પૃ.૧૪૫

૧૩ પ્રભુમાં રહેલા આત્માનાં એકાંતને નિષ્ક્રિય અને અચલ રાખવાનું છે પણ આત્માને સક્રિય બનાવવાનો છે. પૃ.૧૪૫

૧૪ ક્રિશ્ચિયન જીવન એક રહસ્યવાદી પ્રગતિકારક વસ્તુ છે, જેમાં સમૃદ્ધિ અને અનંતતાની વિશાળ અનુભૂતિ થાય છે. પૃ.૧૪૫

૧૫ ક્રિશ્ચિયન માટે વ્યક્તિત્વ એ વાસ્તવિક પ્રભુની યોજના છે. અને..... સર્વ સર્જનને ઐક્યમાં મિલનની ટોચ ઉપર પહોંચાડવાનો સાદ કરે છે. પૃ.૧૪૬

૧૬ આપણા આદર્શની સાથે આ રૂપાંતરનું જે સામ્ય લાગે છે તે ફક્ત ઉપરછલ્લું છે. પૃ.૧૪૬

૧૭ ક્રિશ્ચિયન ખ્યાલ સ્વર્ગના રાજ્યનો અને અતિમનસના અવતરણના ખ્યાલ વચ્ચે કોઈ પણ સંબંધ નથી. પૃ.૧૪૬

૧૮ ક્રિશ્ચિયન રાજસિક અને તામસિક અહંકારને બદલે સાત્ત્વિક ધાર્મિક અહંકારનું સ્થાપન કરવાની ધારણા રાખે છે. પૃ.૧૪૬

૧૯ જ્યાં સુધી ચેતનાની એક નવીન શક્તિ.... દ્વિવિધતાને તાબે ન થતાં સક્રિય હોય અને ચેતનાના કેન્દ્રને મનથી ઉપર ઊઠાવે નહિ ત્યાં સુધી પ્રભુનું પૃથ્વી ઉપરનું રાજ્ય કેવળ આદર્શ જ રહેશે. પૃ.૧૪૭

શ્રી આલ્ડ્યૂઅસ હકસલીએ 'દિવ્ય-જીવન'નાં અમુક ઉદાહરણ લઈને પોતાનું "The Perenial Philosophy" નામનું પુસ્તક લખ્યું. તેમાં તેમણે ખ્રિશ્ચિયન ધર્મની માન્યતાઓ અને વિચારો શ્રી અરવિન્દના વિચારો સાથે કેવી રીતે સહમત થાય છે તેની ચર્ચા કરી છે.

પણ શ્રી અરવિન્દ જણાવે છે આ સામ્યતા ફક્ત ઉપરછલ્લી છે. જેમ જેમ ખ્રિશ્ચિયન વિચારોના મૂળમાં જઈએ તેમ તેમ જણાય છે કે તેમના મતે શ્રી અરવિન્દના રૂપાંતરની કલ્પના એટલે નૈતિકપૂર્ણતા, અને શ્રી અરવિન્દ જેને ચૈત્યપુરુષ એક સનાતન માનવતત્ત્વ ગણે છે તે એટલે વ્યક્તિનું નૈતિકપૂર્ણતા ધરાવતું મનોમય, પ્રાણમય, સૂક્ષ્મ શારીરિક સ્વરૂપ, એવો તેમનો ખ્યાલ છે.

ખ્રિશ્ચિયન ધર્મ પુનર્જન્મમાં માનતો નથી તેથી તેમના મતે માનવનાં મન, પ્રાણ અને સૂક્ષ્મપાર્થિવ શરીર એ માનવી-સ્વરૂપના કાયમી ઘટક છે અને તે સનાતન છે.

શ્રી અરવિન્દના મતે ખ્રિશ્ચિયન ધર્મ જેને 'પૃથ્વી ઉપર પ્રભુનું રાજ્ય' ગણાવે છે તેનો અતિમનસ-જગતના અવતરણ સાથે કોઈ સંબંધ નથી. તે એક આંતરિક ચૈતસિક-અવસ્થા છે જે જીવનદ્વારા સાધક અનુભવે છે. તેમાં તે પ્રકાશમય મનમાં રહીને પ્રભુ સાથે એકરૂપતાનો અનુભવ કરે છે પણ આ અવસ્થા શ્રી અરવિન્દના રૂપાંતરમાં ચૈતસિક-રૂપાંતરનો ભાગ છે, પૂર્ણ રૂપાંતર નથી.

ખ્રિશ્ચિયન લોકોની એક સંકુચિત માન્યતા છે કે એશિયાનું સમગ્રજ્ઞાન એટલે બુદ્ધવાદ અને શંકરાચાર્યનો માયાવાદ. ભારતનાં દર્શનોમાં તો તે અસંખ્ય દર્શનોમાંના એક છે.

વિશેષતઃ હેન્રી મેસીસનું પુસ્તક (લા ડિફેન્સ - ડલ - ઑક્સીડેન્ટ)માં તો મોટી ગેરસમજ દેખાય છે.

ખ્રિશ્ચિયન ધર્મ એકંદરે તામસિક અને રાજસિક અહંકારને બદલે સાત્ત્વિક અહંકારને આધીન માનવ-જીવન બનાવવા માગે છે.

હેન્રી મેસીસે ફ્રેન્ચ ભાષામાં પોતાનું પુસ્તક લખેલ છે. તેમાંના નીચેનાં પરિચ્છેદો બાબત શ્રી અરવિન્દ પોતાના વિચારો જણાવે છેઃ

(૧) ''એ એક ઐતિહાસિક સમર્પણ હોય છે જેમાં આત્મા મુક્ત સક્રિયતાની ટોચ ઉપર પહોંચે છે..... જેમાં વ્યક્તિની શક્તિઓ પ્રભુની કૃપાથી દેવત્વ બને છે.''

વ્યક્તિનું પોતાના ચૈત્યપુરુષને પૂરેપૂરું સમર્પણ એ તેના અનંત જીવનમાંની દુર્લભ ઐતિહાસિક ઘટના છે એ માન્ય છે પણ વ્યક્તિની શક્તિઓ જે વિશુદ્ધિ પામે છે તેનો પ્રકાર ક્યો ? દેવત્વનો અર્થ શું ? શ્રી અરવિન્દના મતે વિશુદ્ધિ વધુમાં વધુ ચૈતસિક-મનોમય છે, જે નૈતિકપૂર્ણતા તરીકે જીવનમાં પ્રગટ થાય છે અને 'દેવત્વ'નો અર્થ પ્રકાશમય-મનની અવસ્થા આ ચૈતસિક-રૂપાંતરની શરૂઆતની અવસ્થા ગણી

શકાય. તે સંપૂર્ણ રૂપાંતર નથી, ફક્ત શરૂઆત છે.

(૨) ખ્રિશ્ચિયન લોકોનું ધ્યાન અને ચિંતનમાં, પ્રભુની સ્થિતિ અને દિવ્યજીવનથી છૂટું પાડી શકાય તેમ નથી..... તેની સ્થૂળ શારીરિક-વ્યક્તિતાના બંધનમાંથી તે છૂટો પડી જાય છે. જીવંત પ્રભુ તેના વ્યક્તિત્વને પોતાના હાથમાં લે છે. આ પરિચ્છેદમાં જાણે લેખક એમ જણાવે છે કે ખ્રિશ્ચિયન ધર્મમાં દિવ્ય-જીવનનો ખ્યાલ તો પહેલેથી જ હતો. શ્રી અરવિન્દે કાંઇ નવું ઉમેરેલ નથી.

સાત્ત્વિક ધાર્મિક જીવનને ખ્રિશ્ચિયન લોકો દિવ્ય-જીવન ગણે છે. શ્રી અરવિન્દના દિવ્ય-જીવનની કલ્પના આથી તદ્દન ભિન્ન છે. ભૌતિક-જીવનમાંથી અલિપ્ત થવું, નૈતિક શુદ્ધ આચરણ કરવું એ સાધનાનો ભાગ જરૂર છે. ચૈતસિક-જીવનમાં પ્રભુની પ્રેરણાથી જ જીવન સંચાલિત થાય છે એ પણ સાચું છે છતાં ચૈતસિક-જીવનમાં બાહ્ય-જગત અને જીવન સાથેનો સંઘર્ષ તો ચાલુ જ રહે છે. અતિમનસ - જીવનમાં આવો સંઘર્ષ નિર્મૂળ થએલો હશે. પ્રભુ ચૈતસિક-જીવનને હાથમાં લે છે પણ તે પૂરેપૂરું નિયંત્રણ નીચે હજી હોતું નથી. આવું જીવન પૂર્ણ દિવ્ય-જીવન ન ગણાય.

(૩) ''મુક્તિ'' એટલે પ્રકૃતિમાં રહેલી નિમ્નવસ્તુઓને તેમાં રહેલી ઉચ્ચત્તમ વસ્તુઓથી ગૌણ ગણવી.'

આ પરિચ્છેદમાં નિમ્નપ્રકૃતિની ગતિઓ ચાલુ રહે છે એ સ્વીકારેલ છે, પણ તેમને ગૌણ ગણવામાં આવે છે. નૈતિક-સંઘર્ષને આમાં માન્ય રખાયો છે.

આપણા દિવ્ય-જીવનમાં તો નિમ્નપ્રકૃતિનું પૂરેપૂરું રૂપાંતર દિવ્ય-પ્રકૃતિમાં કરવાનું છે અને નિમ્નપ્રકૃતિને તદ્દન નામશેષ કરી નાખવાની છે.

સારાંશ, ખ્રિશ્ચિયન ધર્મમાંની મુક્તિ એટલે અનૈતિક વાસનાઓમાંથી છુટકારો એટલો જ અર્થ છે. તેઓ પુનર્જન્મમાં માનતા ન હોવાથી તેમાંથી છુટકારાની તેઓ વાત કરી શકતા નથી. નિમ્નપ્રકૃતિમાંથી છુટકારો એ જ તમને મુક્તિ અપાવી શકે છે.

(૪) ''આત્માનું એકાકીપણું (એકાંતવાસ જેને એશિયાના લોકો મહત્ત્વ આપે છે તે) તે એક સક્રિય એકાકીપણું છે જેમાં પાપમાંથી મુક્ત બનવાનું છે. આત્માનું પ્રભુ સાથેનું મિલન એક પ્રેમપૂર્ણ બૌદ્ધિક પ્રકાશ હોય છે.''

આ પરિચ્છેદમાં 'એકાંતવાસ'માં આંતરિક સક્રિયતાને મહત્ત્વ આપેલ છે પણ

આપણા યોગમાં પાર્શ્વભૂમિમાં અચલ અને નિષ્ક્રિય અખંડ આત્મતત્ત્વની સભાનતા પણ હોય છે. બીજું, ''પાપમાંથી મુક્તિ'' એ નૈતિક ખ્યાલને જ અહીં મહત્ત્વ આપેલ છે. ''ત્રિગુણાતીત'' થવાનો ભાવ દેખાતો નથી. સત્ત્વગુણમાં સ્થિર થવાનો ભાવ છે. આપણા યોગમાં ક્રિયાનો ઉદ્‌ગમ શાંતિમાંથી થવો જોઇએ જે પ્રભુ સાથેની એકતામાંથી આવે છે. તેમાં કર્તાભાવ હોતો નથી. પ્રભુના કરણ તરીકેનો ભાવ હોય છે.

(૫) ''ખ્રિસ્ચિયન જીવન એક રહસ્યવાદી પ્રગતિકારક વસ્તુ છે જેમાં સમૃદ્ધિ અને અનંતતાની વિશાળ અનુભૂતિ થાય છે, જે બુદ્ધિ બહારની વસ્તુ છે.''

ચેતનાનો વિકાસ અને તેમાં ફેરફાર એ તો બધી જ સાધનામાં માન્ય રાખેલ છે. તે વિકાસની પ્રક્રિયા ગૂઢ છે એ પણ સર્વમાન્ય છે. તેથી ખ્રિસ્ચિયન ધર્મની તે વિશેષતા ન ગણાય. સમૃદ્ધિનો અર્થ નૈતિક-ગુણોનો ભંડાર એવો છે. અનંતતાની ભાવના એ પ્રભુ સાથેની એકરૂપતાનાં સંવેદનો છે. પણ પ્રભુ સાથે તમે ચેતનાની બધી જ કક્ષાએ એકરૂપ થઇ શકો છો. પ્રભુનો સાક્ષાત્કાર એ સર્વ તબક્કે થાય છે, તેથી ખ્રિસ્ચિયન ધર્મમાંનું નૈતિક-રૂપાંતર એ આપણા યોગમાંના રૂપાંતરની સમકક્ષ ગણવાનું નથી. બુદ્ધિ બહારની વસ્તુ અતિમનસ જ હોય એ પણ તેમનો ખોટો ખ્યાલ છે.

(૬) ''એશિયાના માણસ માટે વ્યક્તિત્વ એટલે માનવનું પ્રભુના કલ્યાણમાંથી પતન. ખ્રિસ્ચિયન માટે વ્યક્તિત્વ એ વાસ્તવિક પ્રભુની યોજના છે. પ્રભુકૃપા સર્વ સર્જનને ઐક્યમાં મિલનની ટોચ ઉપર પહોંચાડવાનો સાદ કરે છે.''

વ્યક્તિત્વ માત્ર બંધનકારક છે એમ ફક્ત બૌદ્ધવાદ અને માયાવાદ માને છે પણ એશિયાનાં બધાં જ દર્શનો તેમ માનતાં નથી. લેખકનું પૌર્વાત્ય દર્શનોનું જ્ઞાન અધૂરું છે. આપણા યોગમાં દિવ્ય-શરીર, દિવ્ય-મન, દિવ્ય-પ્રાણનું બનેલું દિવ્ય-વ્યક્તિત્વ જેને અતિમનસ સ્વરૂપ કહ્યું છે તે આપણે માન્ય રાખેલું છે.

સારાંશ, ખ્રિસ્ચિયન શ્રદ્ધાઓને આપણા દિવ્ય-જીવનની કલ્પનાથી સમકક્ષ માનવાનો આ આગ્રહ સત્યથી વેગળો છે. તેમની શ્રદ્ધાઓ ચૈતસિક-માનસિક-નૈતિક કક્ષાની વધારે છે. તે દિવ્ય છે પણ દિવ્યતાની પણ અનેક કક્ષાઓ છે. અતિમનસ એ પ્રભુની પોતાની સર્જન-શક્તિ છે તે નૈતિક નથી પણ પરા-નૈતિક શક્તિ છે.

# વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

## વૈદિક દેવો
## દેવ શબ્દનો અર્થ

પ્રકરણ - ૨૧

પરમતત્ત્વ દરેક સજીવ નિર્જીવ વસ્તુમાત્રમાં છે. સજીવમાં તે અભિવ્યક્ત થાય છે. નિર્જીવમાં તે અભિવ્યક્ત થતું નથી. પણ તેનું કારણ જે તે વસ્તુનો વિકાસ છે. અભિવ્યક્તિનું સાધન હજી તે વસ્તુએ પૂરેપૂરું વિકસાવ્યું નથી તે પરમ-ચેતનાના અસ્તિત્વને સત્‌ને પોતાની દ્વારા અભિવ્યક્ત તો કરી શકે છે પણ ચિત્‌ અને આનંદ પાસાને અભિવ્યક્ત કરવા અસમર્થ છે.

તેથી વૈદિક ઋષિઓ વસ્તુ અને વ્યક્તિમાત્રમાં દેવત્વ જોતા. દેવ શબ્દનો અર્થ છે પ્રકાશમય વસ્તુ. દરેક વસ્તુને પોતાનો પ્રકાશ છે, તેથી તે પણ દેવ છે. ઋગ્વેદમાં જણાવેલ છે કે બાળક, તરુણ, વૃદ્ધને દેવ ગણી અમે નમીએ છીએ. ''નમોમહદ્‌ભ્યો નમો અર્ભકભ્યો નમો યુવભ્યો..... (ઋ - ૧-૨૭-૧૩) આ ભાવ યથાશક્તિ અમે અનુસરીએ છીએ. યજામિ દેવાન્‌ યદિ શકનવામ (ઋ - ૧-૨૭-૧૩) આ બધાંનું સામૂહિક નામ છે વિશ્વદેવો. વિજ્ઞેયા વિશ્વદેવ્યુત્તમા નમઃ (બૃહ ૩.૯૯)

ઋગ્વેદના દેવતા ત્રણ વિભાગોમાં વહેંચાયેલાં છે : પાર્થિવ, વાયવીય સ્વર્ગીય અર્થાત્‌ ભૌતિક-જગતનાં, પ્રાણમય-જગતનાં અને મનોમય-જગતનાં (અધિમનસનાં) પાર્થિવમાં સજીવ અને નિર્જીવ આ પ્રકાર છે. દા.ત. ઋગ્વેદમાં રાજા હરિશ્ચંદ્ર અને સિંધુદેશ નરેશ સ્વનય જે ભાવયવ્યનાં પુત્ર હતાં. તેમને પણ દેવનો દરજ્જો તેમના સદ્‌ચારિત્ર્યને લીધે આપેલો છે. નિર્જીવમાં યજ્ઞમાં વપરાતા બધાં જ સાધનોને દેવ તરીકે માનવામાં આવે છે. દા.ત. વનસ્પતિ, હવિર્ધાન, ઉલુખલ પાત્ર, આહુતિ આપવાની લાકડાની સૃક (ચમચી)

ઋગ્વેદના ઘણાં સૂક્તોમાં દેવતાના સ્પષ્ટ નામ ન આપતા તેમનાં લક્ષણો જ દર્શાવેલ છે. લક્ષણોને સંસ્કૃતમાં 'લિંગ' (લીનં અર્થં ગમયતિ ઈતિ) કહેવામાં આવે છે. આવા ઉલ્લેખોને 'લિંગદેવતા' કહેતા. પણ આ શબ્દનો યુરોપિયન સંશોધકોએ અશ્લીલ અર્થ લઈને પોતાની નાસમઝી દર્શાવી છે.

હવન ક્રિયા કરાવનાર હોતાને પણ દેવ ગણેલ છે. કારણ તેઓ પોતાની મધુર સામગાનથી યજમાનનાં મનમાં દિવ્ય ભાવો નિર્માણ કરે છે અને દિવ્યકર્મો કરાવે છે. દિવ્યભાવો એ પ્રાણમય-સ્તરની ઘટના છે અને દિવ્યકર્મો પાર્થિવ-સ્તરની તેથી ત્રણ કક્ષાઓ - પાર્થિવ, પ્રાણમય, મનોમયમાં તે પહેલી અને બીજી (મધ્યમ) હોવાથી હોતાના પ્રકાશનાં બે પ્રકાર ગણ્યાં છે - હોતારૌ-અગ્નિ પાર્થિવ મધ્યમો (બૃહ ૩.૧૧). સારાંશ, દિવ્ય-સમજણ આપનાર, દિવ્યભાવો રચનાર, દિવ્યકર્મો કરાવનાર બધી જ સ્થૂલ, સૂક્ષ્મ ચેતનાઓને દેવ કહેવામાં આવેલ છે.

આ દેવોને ઉત્પન્ન કરનાર જન્મ આપનાર તત્ત્વ છે, નિરાકાર પ્રકાશમય ચેતના જે કપૂર જેવી શ્વેત છે તેથી તેને શુક્રમ કહે છે. તે અખંડ અને એક જ છે. શુક્રના બે અર્થ છે, શ્વેત શુદ્ધ અને શુક્રગ્રહ કલ્પદ્રુમમાં તેનો અર્થ શુચારન્ કહ્યો છે. તેના આ બન્ને અર્થ થાય છે. આપણે શ્વેત અખંડ ચેતના એવો અર્થ લઈએ છીએ.

તેણે ઋતમ્‌ને, બીજસ્વરૂપ સત્યને ધારણ કરેલ છે અને તેને સત્ય તરીકે વાસ્તવિક કરવા સમગ્ર વિશ્વે દેવોને જન્મ આપ્યો છે. વેદ આગળ જણાવે છે કે આ પૃથ્વીમાં ભૌતિક-તત્ત્વમાં બધા જ દેવો બીજરૂપે સમાએલાં છે. તેથી આ પૃથ્વી જ અદિતિ છે અને તે જ વિશ્વદેવોને ફરી જન્મ આપશે. ઈયં (પૃથિવિ) વા અદિતિદેવી વિશ્વદેવ્યવતી (મૈત્રા. ૩.૧.૮) તે જ બધાનું પોષણ કરે છે અને સમગ્ર આ જગતનો આધાર છે (વિશ્વસ્ય ભર્ત્રી જગતઃ પ્રતિષ્ઠા - (તૈન સં. ૩-૧-૧૪)

બધા દેવોનું સામૂહિક નામ વિશ્વેદેવાઃ છે. તે દેવો ત્રણથી માંડીને તેત્રીસ કરોડ સુધી છે. બધી વસ્તુ અને પ્રાણીમાત્ર છે (એતે વૈ સર્વે દેવા યદ્ વિશ્વદેવાઃ (કૌષી બ્રા ૪-૧૪-૫૨) અનંતા વિશ્વેદેવાઃ (શત. બ્રા.૧૩.૧.૨૮)

પણ વ્યવહારમાં આપણે તેમાંના ખૂબ પ્રસિદ્ધ છે તેમને જ ગણીએ છીએ. વિશ્વે વૈ દેવા દેવાનાં યશસ્વિતમઃ (કૌષી બ્રા. ૧૩.૧.૨૮)

દેવતાના એક પ્રકારને સાધ્યગણ કહે છે, અસાધ્ય વસ્તુઓને તેઓ સાધના કરાવી સિદ્ધ કરી બતાડે છે તે હિ સર્વમિદમ્ સાધયંતિ યદન્યેન - સર્વકર્મભિરસાધિતં..... (નિ ૧૨-૪-૪૧ દુર્ગવૃત્તિ)

આવા સાધ્યદેવોની સંખ્યા બાર દર્શાવી છે. કદાચ તે બાર આદિત્યો જ હોય કારણ આદિત્યોમાં વિપુલ સર્જન-શક્તિ, સાવિત્રી-શક્તિ રહેલી છે.

સાધ્યદેવનો ઉલ્લેખ નીચેની ઋચામાં છે : યજ્ઞેન યજ્ઞમયજંત દેવાસ્તાનિ ધર્માણિ પ્રથમાન્યાસન્ । તે હનનાકં મહિમાનં સંતં પૂર્વે સાધ્યાઃ સંતિ દેવાઃ (ઋ ૧.૧૬૪.૫૦)

દેવો યજ્ઞ વડે યજ્ઞો શરૂ કરે છે જે પહેલેથી બીજરૂપે રહેલી દિવ્યક્ષમતાઓને પ્રગટ કરી મહાન સ્વર્ગો રચે છે. તે પહેલેથી જ સાધ્ય દેવો હતા. (સ્વર્ગ રચના પહેલેથી). વૈદિક ઋષિઓએ કાળને પણ દેવતાનું સ્થાન આપેલ છે. કારણ ઉત્ક્રાંતિના વિવિધ તબક્કા રચવાનું કામ કાળ કરે છે. ઋગ્વેદમાં કાળના સંવત્સર સ્વરૂપ (વર્ષ)નું વર્ણન કરતો મંત્ર નીચે મુજબનો છે :

દ્વાદશ પ્રધયશ્ચક્રમે કં ત્રીણિ નભ્યાનિ કઉ તચ્ચિકેત । તસ્મિન્ ત્સાકં ત્રિશતા ન શકવો ર્પિતાઃ ષષ્ટિર્ન ચલાચલાસઃ (ઋ ૧.૬૪.૪૮) સંવત્સરનું એક ચક્ર બાર આરા (માસ)થી આવૃત્ત છે એ ચક્ર ત્રણ નાભિઓથી (ઋતુઓ = ઉનાળો, ચોમાસુ, શિયાળો) યુક્ત છે એ ચક્રમાં તીવ્રગતિવાળી ત્રણસોને સાંઈઠ ખૂંટીઓ છે (દિવસો) એના મહત્ત્વને કોઇ વિદ્વાન જ સમજે છે (તેમાં ગંભીરતાથી સાધના કરવાનું મહત્ત્વ)

બધાં દેવોને 'વેધાઃ' કહે છે. વેધાઃ એટલે જ્ઞાનીઓ, વિદુષ્ટદ્ વેધસો - (અથર્વ ૧-૩૨-૨) જે જ્ઞાની છે તે બધા વેધસ્ છે. તેમાં ઋષિઓ, મુનિઓ પણ આવી જાય છે. જે આ રીતે વેધસ્ ને જાણે છે તે જ પછી તેના નિયમો રૂપ વિધાનો કરી શકે. તેમને વિધાતા પણ કહેવામાં આવે છે. તે અર્થમાં બધાં દેવો વિધાતા પણ છે. તેઓ પરમ-ચેતનાના એક -એક પાસાના જાણકાર છે અને સર્જક પણ છે.

તે જ પ્રમાણે બધાં જ દેવો પવમાન(પવિત્ર કરનાર) અને વાજિન્ (શક્તિદાતા) પણ છે. (ક્રમશઃ)

---

(અનુ.પૃ.૯ ઉપરથી)

## માતૃવાણી

માર્ગ દર્શાવવાનું પસંદ કરે છે; તે જ અવતારવાદની સાર્થકતા છે. પૃ.૧૬

૪ માણસો અવતારને પોતાની જેમ દુઃખ સહતો જોઇને જ તેની ઉપર વિશ્વાસ રાખે છે અને તેને અનુસરે છે. પૃ.૧૬

૫ શરીર પ્રભુને પ્રગટ કરવા સક્ષમ ન બને, દિવ્ય-શરીર ન રચાય ત્યાં સુધી અવતારની જરૂર રહેશે. પ્રભુ પણ પૃથ્વી ઉપર આવિર્ભાવ પામી શકે છે તેની અવતાર ખાતરી કરાવે છે.પૃ.૧૭

૬ કોઇપણ ભોગે પ્રભુનો સાક્ષાત્કારનો તમારો હેતુ હોય તો જ દિવ્ય-દૂતોના સંપર્કમાં આવજો. કારણ તેઓ સાક્ષાત્કાર માટે વાવાઝોડાની જેમ બધી વસ્તુ સાફ કરી નાંખે છે, જે યાતનાકારક બની જાય છે.પૃ.૧૭ (ક્રમશઃ)

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

પ્રકરણ - ૧૪

(પૃ.૧૦૬-૧૦૭)

## પૂર્ણયોગમાં રૂપાંતરનો અર્થ

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 I have never said that my Yoga was something brand new in all its elements. I have called it the integral Yoga and that means that it takes up the essence and many processes of the old Yogas. Its newness is in its aim, stand point and the totality of its method. P. 108

2 The detail or method of the later stages of the Yoga which go into little known or untrodden regions. I have not made public. P. 108

3 The spiritual past of the race has been a preparation of Nature not merely for attaining the Divine beyond the world, but also for this very step forward which the evolution of the earth consciousness has still to make. P. 108

4 I do not therefore care in the least... whether this Yoga and its aim and method are accepted as new or not. P. 108

5 That it should be recognised as true in itself by those who can accept or practice it and should make itself true by achievement is the one thing important. P. 108

6 It does not matter if it is called new or a repetition or revival of the old which was forgotton. P. 108

શ્રી અરવિન્દ તેમનો યોગ તદ્દન નવોનકોર છે એમ કોઇ વખત કહેતા જ નહીં. તેમણે જૂની પરંપરામાં જે કાંઇ સારા તત્ત્વો હતાં તેમાંનું સારતત્ત્વ જાહેરમાં સ્વીકારેલું છે. તે માટે જ તેમણે 'યોગોનો સમન્વય' પુસ્તક લખેલ છે. વળી તેમના વિચારો જાહેર કરવા જે મૅગેઝીન શ્રી માતાજીએ ચલાવેલું તેને 'આર્ય' નામ આપી તેમણે તે માન્ય પણ કર્યું છે. આર્ય-સંસ્કૃતિની જૂની દિવ્ય યોગ-પરંપરાઓ લુપ્ત થયેલી એવો

ઉલ્લેખ ગીતામાં પણ છે અને શ્રી અરવિન્દ પણ તેમાં સંમત છે. છતાં શ્રી અરવિન્દનો યોગ એ કાંઇ વેદો કે પેલી જૂની પરંપરાનું પુનર્જીવન કે નવીનીકરણ માત્ર નથી જ. તેમણે જૂના પ્રાચીન-યોગોનાં મૂલ્યવાન સારતત્ત્વો પોતામાં સ્વીકારીને તેમને ફક્ત આધુનિક જીવન-શૈલીને અનુરૂપ ગોઠવ્યાં નથી પણ યોગનો જે આદર્શ હતો તેને ખૂબ જ વિશાળ અને નવીન દૃષ્ટિકોણથી સ્વીકારેલો છે. આ નાવીન્ય જ તેમના યોગની ખાસ વિશેષતા છે.

તેમણે વ્યક્તિગત મોક્ષપ્રાપ્તિ એવું સંકુચિત ધ્યેય પોતાના પૂર્ણયોગનું રાખેલ નથી. શંકરાચાર્યનું માયાવાદી વેદાંત અક્ષરપુરુષના સાક્ષાત્કારને જ અંતિમ બ્રહ્મ-સાક્ષાત્કાર ગણતા તે તેમણે નકાર્યું છે, પણ તેને રૂપાંતરની પ્રક્રિયાનો વચગાળાના તબક્કા તરીકે માન્ય રાખ્યું છે. વૈદિક વેદાંત વાસ્તવવાદી હતું તે દૃષ્ટિકોણ તેમણે સ્વીકાર્યો છે. અર્થાત્ જગત સત્ય છે એ માન્ય રાખ્યું છે પણ તેમના મોક્ષની કલ્પનાને અધૂરી ગણી છે. વૈદિક વેદાંત મુજબ આંતરિક રીતે બ્રહ્મતત્ત્વનો (સક્રિય અને નિષ્ક્રિય બંને સ્વરૂપોનો) સાક્ષાત્કાર પૂરતો હતો. વ્યક્તિ-ચેતનામાંથી વૈશ્વિક-ચેતનામાં આંતરિક આરોહણ પૂરતું હતું. તેનો ઉપયોગ તેઓ ભૌતિક-જીવનને આનંદમય કરવા વાપરતા તે શ્રી અરવિન્દને માન્ય છે. પણ શરીરને ફક્ત આંતરિક રીતે ચિન્મય કર્યા પછી જન્મમરણના ફેરામાંથી મુક્ત થવું તેને શ્રી અરવિન્દે અપૂર્ણ લક્ષ્ય ગણ્યું છે. શ્રી અરવિન્દના મતે નક્કર ભૌતિક શરીર, તેમની ઇન્દ્રિયો, કાર્યો બધાં રૂપાંતરિત થવાં જ જોઇએ. શરીરના કોષોનાં રૂપાંતરથી તે શક્ય છે એવું તેમને જણાએલું. તેની પ્રક્રિયા વેદોમાં અપવાદરૂપે જોવા મળતી પણ તે સર્વમાન્ય યોગ-માર્ગ નહોતો. (little known) તેને રૂપાંતરની પ્રક્રિયાનો અંતિમ તબક્કો ગણીને તેની દ્વારા અવચેતન અને અચેતનનું પણ સમૂળું રૂપાંતર કરવું આ તેમણે યોગનું રાખેલું અંતિમ ધ્યેય તદ્દન નવું જ છે. તેના સિવાય ભૌતિક-શરીરનું પૂર્ણ રૂપાંતર શક્ય નથી એવું તેમને લાગે છે.

બીજું, શ્રી અરવિન્દે યોગનું આ લક્ષ્ય વૈયક્તિક-સાક્ષાત્કાર કે મોક્ષ તરીકે પણ રાખ્યું નથી પણ તેને વિશાળ ફલકમાં ગોઠવી દીધું છે. તેમણે જે વૈશ્વિક-ઉત્ક્રાંતિ થઈ રહી છે તેની પ્રક્રિયા તરીકે આ સાક્ષાત્કારને ગણ્યો છે.

આ પાયાના આધારે તેમણે યોગનું અંતિમ લક્ષ્ય વધારે ઊંચું ગોઠવ્યું છે. પ્રભુ પોતાને આ રીતે સમગ્ર વ્યક્તિ-સ્વરૂપ દ્વારા પોતાને પૂર્ણ રીતે વ્યક્ત કરવા જે વૈશ્વિક કક્ષાએ યત્ન કરી રહ્યાં છે તેમાં સહભાગી થવું અને તે માટે પ્રભુના આવિર્ભાવની આ

વૈશ્વિક-પ્રક્રિયારૂપ તેના કાર્યનું નિમિત્ત બની તેમાં સક્રિય રીતે સહભાગી થવું એ જ પૂર્ણયોગનું અંતિમ ધ્યેય છે. તેમાં અનાયાસે જ્ઞાન, ભક્તિ અને કર્મનો સમન્વય સધાય છે.

આ દૃષ્ટિથી શ્રી અરવિન્દને પૂર્ણયોગ પ્રાચીન-યોગોનાં સારતત્ત્વોને ગ્રહણ કરીને પોતાનું નૂતનતમ સ્વરૂપનો આકાર ધારણ કરે છે.

શ્રી અરવિન્દ પોતે તો આ તેમનો યોગ જૂનો કે નવો ગણો તેની દરકાર કરતા નથી. તેમનો આગ્રહ છે જો તમે આ પદ્ધતિને સાચી માનો અને તે મુજબ સાધના દ્વારા ઉપર જણાવેલાં પરિણામો અને સાક્ષાત્કારો પ્રાપ્ત કરો અને વાસ્તવિક રીતે વૈશ્વિક-ઉત્ક્રાંતિમાં સભાન રીતે સહભાગી થાઓ તેને જ મહત્ત્વ આપે છે.

શ્રી અરવિન્દ જણાવે છે કે તેમણે પોતાના પૂર્ણયોગની શરૂઆતના તબક્કા પછીની સાધનાપદ્ધતિ હેતુપૂર્વક જાણવા છતાં હાલનાં તબક્કે પ્રગટ કરી નથી, કારણ તે કસમયે ગણાશે. તે તબક્કામાં વિશ્વચેતનામાં પ્રવેશની પદ્ધતિ અને કોષોની સાધનાની પદ્ધતિનો સમાવેશ થાય છે.

(તેના હવે વિશ્વસનીય લખાણો પણ પ્રાપ્ત છે તેમ જ આશ્રમના જયેષ્ઠ સાધકોનાં પુસ્તકોમાં પણ તેમના પ્રાસંગિક ઉલ્લેખો જોવા મળે છે.)

(પૃ.૧૫ ઉપરથી)

## સાવિત્રી

આંધળી નૈસર્ગિક-શક્તિઓ ખૂબ જ મોટા પ્રમાણમાં જીવનમાં સતત ઘૂસણખોરી કરીને પોતે કબજો જમાવી બેઠી હતી અને તે પણ માનવની નબળાઈઓ (human littleness) ઉપર. પણ હવે તો પરિસ્થિતિ તદ્દન બદલાઈ ગઈ હતી. હવે તો માનવને પોતાની આધ્યાત્મિક - પ્રગતિનો રસ્તો જડી ગયો છે. ઘણા માનવ-પ્રવાસીઓ તેની ઉપરથી પસાર થઈને મુકામે પહોંચી ગયાં છે અને તેથી તે માર્ગ હવે ખાતરીલાયક અને અનુભવસિદ્ધ પુરવાર થઈ ચૂક્યો છે, માનવ જાણે છે કે તેનું આ ધરતી ઉપરનું અસ્તિત્ત્વ હેતુપૂર્ણ છે, પ્રભુએ જાણે તેની ઉપર પ્રયોગ આદર્યો છે, માનવ દ્વારા પોતાને પ્રગટ કરવાનો, માનવનો અંચળો ઓઢીને પ્રગટ થવાનો. આ દિવ્ય પ્રયોગ પ્રભુ પોતે કરી રહ્યાં છે અને માનવને અતિમાનવ થવા આ સમગ્ર બ્રહ્માંડ (cosmos) જાણે એક તક પૂરી પાડે છે. આત્માને વિકસવાની પૂરેપૂરી શક્યતા પ્રગટ થઈ ચૂકી છે.

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

# ચેતનાનાં સ્તરો અને વિભાગો

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૨ પર આધારિત)
પ્રકરણ - ૧૭

## યોગશક્તિનું માનવસ્વરૂપમાં કાર્ય

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- આપણા પિંડનાં જુદાં જુદાં ચક્રોમાં એ યોગશક્તિ ગૂંચળું વળીને સુષુપ્ત દશામાં પડેલી છે..... તંત્રમાં જેને 'કુંડલિની' કહે છે...પૃ.૧૬
- આપણા મસ્તકની ઉપર..... એ ગૂંચળું વળીને અપ્રગટ કે સુષુપ્ત દશામાં પડેલી નથી, પરંતુ જાગ્રત, સચેતન, સમર્થ, વિસ્તૃત અને વ્યાપક હોય છે, ત્યાં ઊર્ધ્વમાં એ યોગશક્તિ આવિર્ભાવ પામવા માટે વાટ જોતી ઊભી છે...... પૃ.૧૬
- મનોમય કોશમાં એ શક્તિ માનસની શક્તિ તરીકે પ્રાણમય યા તો અન્નમય કોશમાં.... એ પ્રાણમય યોગશક્તિ યા તો શારીરિક યોગશક્તિ રૂપે પ્રગટ છે. પૃ.૧૬
- યોગશક્તિનાં એ સ્વરૂપો ઊર્ધ્વમાં તથા ચેતનાનાં બાહ્યસ્તરોમાં એકીવખતે પણ જાગ્રત થઈ શકે છે. પૃ.૧૬
- ચેતનાના નીચેનાં સ્તરોમાં જાગ્રત થઈને એ શક્તિ ઊર્ધ્વમાં જાય છે.... એ યોગશક્તિ ઊર્ધ્વની ભૂમિકામાંથી નીચેનાં સ્તરોમાં અવતરણ કરીને અમુક વિશિષ્ટ પ્રકારની શક્તિનું, એટલે કે સિદ્ધિનું રૂપ ધારણ કરે છે.... પૃ.૧૬-૧૭
- નીચેના કોશો અને તેનાથી ઊર્ધ્વમાં રહેલા ઉચ્ચતમ કોશો વચ્ચે તે સંબંધ સ્થાપન કરે છે, તથા વ્યક્તિની પરિમિત ચેતનાને વિરાટ વિશ્વમયતામાં કે સચ્ચિદાનંદની નિરપેક્ષતામાં તથા પરાત્પરતામાં લઈ જઈને મુક્ત કરે છે. પૃ.૧૭

આ યોગશક્તિ શું છે ? તે બાબતે તથા તેના સાથેના સાધકના સંબંધ અને કાર્યપદ્ધતિ માટે શ્રી અરવિન્દ વાત કરી રહ્યા છે.

યોગશક્તિને તંત્રની સાધનામાં ‘કુંડલિની’ તરીકે વર્ણવામાં આવેલી છે. વ્યક્તિ- ચેતનામાં તે સ્વરૂપના સૌથી છેવાડાના ભાગે ગૂંચળું વળીને સુપ્ત અવસ્થામાં પડેલી હોય છે. સ્વરૂપના વિકાસનુસાર તે જીવનમાં કાર્ય કરતી હોય છે. સામાન્ય જીવનમાં તેનું કાર્ય સુષુપ્ત અવસ્થામાંથી ચાલતું હોય છે. સાધકની પ્રકૃતિ અનુસાર તે શક્તિ ઊર્ધ્વમાંની શક્તિઓમાંથી પોતાની શક્તિઓ મેળવીને જીવનને દોરતી હોય છે. તેમાં સભાનતા કે જાગૃતિ હોતા નથી અને તેથી સાધક બાહ્ય-ચેતનારૂપી મન-પ્રાણ-શરીરનો ગુલામ થઈને સામાન્ય જીવન જીવતો હોય છે, કારણ કે મૂળભૂત ‘કુંડલિની’ શક્તિ જ સૂતેલી પડી છે.

વ્યક્તિગત કક્ષાએ યોગશક્તિનું કાર્ય મનમાં યોગમય મનસશક્તિ તરીકે, પ્રાણમાં પ્રાણમય યોગશક્તિ તરીકે અને શરીરમાં શારીરિક યોગશક્તિ તરીકે થતું હોય છે. સભાનતાની કક્ષામાં ફેર હોય છે. દરેક સાધકને આ યોગશક્તિનું કાર્ય તેને કક્ષાનુસાર સમજાય છે અને જીવન તે મુજબ દોરવાય છે. આપણું સામાન્યમાં સામાન્ય કાર્ય પણ આ મૂળભૂત યોગશક્તિને જ આભારી છે. પ્રભુના સંકલ્પને પ્રગટ કરવા અથાગ મથતી આ યોગશક્તિ હંમેશા માનવમાં કાર્ય કરતી હોય છે.

આ યોગશક્તિની જાગૃતિ અને તેને જીવનમાં કાર્યાન્વિત બે પ્રકારે કરી શકાય છે. માનવચેતનામાં ગૂંચળું વળીને પડેલી સુષુપ્ત શક્તિ પોતે જાગૃત થઈને ઊર્ધ્વારોહણ કરે અથવા તો ઊર્ધ્વમાંની યોગશક્તિ અવતરણ કરીને આ કુંડલિનીને જાગૃત કરે. ઊર્ધ્વમાં રહેલ યોગશક્તિ સાધકમાં આવિર્ભાવ પામવા માટે વાટ જોતી હોય છે. ઊર્ધ્વમાં તે જીવંત, વિશાળ, સર્વવ્યાપક અને સભાન જાગૃત હોય છે. નીચેનામાંથી યોગશક્તિ ઊર્ધ્વારોહણ કરે ત્યારે તે ઊર્ધ્વમાં જઈને પ્રસરતી જાય છે અને વિશ્વમયતા સાથે એકતા સાધવા માંડે છે. જ્યારે ઊર્ધ્વમાં રહેલ યોગશક્તિ નીચે અવતરણ કરે ત્યારે તે સાધકની બંધિયાર ચેતનાને દરેક યોગચક્રમાં પ્રવેશીને ખોલતી જાય છે અને તે છેક સ્થૂળ-સ્વરૂપ સુધી મુક્તિ-સિદ્ધિ લાવી આપે છે. પૂર્ણયોગમાં આરોહણ અને અવરોહણ બન્ને કરવાનાં હોય છે. શ્રી અરવિન્દનું પ્રતીક (Symbole) પણ આ પ્રક્રિયા સૂચવે છે.

માનવસ્વરૂપના કોશો - અન્નમય કોશ, પ્રાણમય કોશ, મનોમય કોશ, વિજ્ઞાનમય કોશ અને આનંદમય કોશ, દરેક મૂળભૂતરીતે પરમચેતનાના સંપર્કમાં મૂકી આપે છે. આ યોગશક્તિના કાર્યને કારણે સાધક પોતાની સીમિત ચેતનાને વૈશ્વિકચેતના અથવા તો પરાત્પર-ચેતનમાં એકતા કરીને મુક્તિ અનુભવે છે. એ આનંદમય કોશમાં રહેલ સચ્ચિદાનંદ સ્વરૂપ બની જાય છે.

(અનુ.પૃ.૩૭ ઉપર)

# વેદ-રહસ્ય
- શ્રી અરવિન્દ

## અગ્નિનું સ્વરૂપ

(વેદનું રહસ્ય ભા. ૧ પૃ.૯૧-૧૦૧)
પ્રકરણ -૧૦

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ દશેય મંડળોમાં..... તેના તે જ વિચારો, તેનાં તે જ રૂપકો, તેના તે જ શબ્દગુચ્છો મળે છે. ઋષિઓ એક જ સત્યના દૃષ્ટાઓ હતા અને તેને વ્યક્ત કરવા માટે તેઓ એક સર્વસામાન્ય ભાષાનો પ્રયોગ કરે છે. પૃ.૯૦

૨ દીર્ઘતમસ્, ઔચથ્યની ગહન અને ગૂઢવાદી શૈલીમાં, મેઘાતિથિ કણ્વની સંવાદી મધુર સુસ્પષ્ટતામાં, વિશ્વામિત્રનાં બલવાન શક્તિશાળી સૂક્તોમાં, વશિષ્ઠની એકધારી સંવાદિતામાં આપણને જ્ઞાનનો તે જ સદ્ધર પાયો પ્રાપ્ત થાય છે. પૃ.૯૧

૩ આ ખાસિયતમાંથી એવું ફલિત થાય છે કે..... દશમંડલમાંથી ગમે તે સૂક્તમાંથી (અર્થ) મળી શકે છે. પૃ.૯૨

૪ ઋક્ સંહિતાનાં દશ મંડળો છે. તેમની ગોઠવણી કરવાના બે નિયમો પાળવામાં આવે છે. પૃ.૯૨

૫ આ વૈદિક-સૂક્તોની ગોઠવણીમાં વિચાર-વિકાસનો મુદ્દો પણ ધ્યાનમાં લેવાયો છે. પૃ.૯૩

૬ વિશ્વામિત્રના પુત્ર તથા પૌત્રનાં સૂક્તો વૈદિક-સંવાદિતાના પ્રથમ અગત્યના સૂર સ્તુત્ય રીતે સંભળાવે છે. પૃ.૯૩

૭ વેદમાં અગ્નિની હંમેશા બે બાજુઓ રજૂ કરવામાં આવે છે - શક્તિ અને પ્રકાશ. પૃ.૯૮

૮ વેદનાં બાહ્ય અર્થમાં દેવો ભૌતિક વૃત્તિની વૈશ્વિક-શક્તિઓનું મૂર્તિકરણ છે.

તેના આંતરિક અર્થમાં તે (માનવી) પ્રવૃત્તિઓમાં કામ કરતી માનસિક-પ્રવૃત્તિનાં મૂળસ્વરૂપ વૈશ્વિક-શક્તિઓ હોવી જોઈએ. પૃ.૯૯

૯ ઋતમ્, બૃહત્ અને સ્વદમમ્ યજ્ઞનું લક્ષ્ય વ્યક્ત કરે છે. પૃ.૧૦૦

૧૦ માનવમાં રહેલ શક્તિરૂપ અગ્નિ પોતાના યોગ્ય સ્થાનકમાં - સત્ય ચેતનામાં વૃદ્ધિ પામે છે. પૃ.૧૦૦

(વેદનું રહસ્ય ભા.૨ પૃ.૧૦-૧૫)

૧ અગ્નિ શબ્દ એવા ધાતુમાંથી બન્યો છે, કે જેનો અર્થ ખૂબ શક્તિ અથવા ઉત્કટતા બતાવે છે - પછી તે સ્થિતિની, કાર્યની, સંવેદનાની કે ગતિની હોય..... ખાસ કરીને તેનો અર્થ વળાંક લેતી, સર્પાકાર ગતિ છે. તેના અર્થો -બલ, શક્તિ, સૌંદર્ય, તેજોમયતા, દારવું, પ્રધાનતા (વગેરે છે.) પૃ.૧૦

૨ તે વિશાળ, ગૂઢ, પરમાત્મામાંથી પ્રગટ થયો છે. પૃ.૧૦

૩ જેમ ચક્રની નાભિમાં બધી ધરીઓ (આરા) સમાઈ જાય છે, તેમ આ દિવ્ય..... શક્તિમાં બીજા બધા દેવોનો સમાવેશ થાય છે. પૃ.૧૦

૪ જ્યારે જગતની વક્રતાઓનાં આવરણમાંથી આ દેવ નિર્મુક્ત અને પરિપૂર્ણ થાય છે ત્યારે..... સંવાદનાં દેવ તરીકે - સૂર્યરૂપ મિત્ર તરીકે પ્રગટ થાય છે. પૃ.૧૦

૫ અગ્નિ પ્રથમ એક દિવ્ય-શક્તિના મુખ તરીકે દૃષ્ટિગોચર થાય છે. પૃ.૧૦

૬ તે પરમાત્માની સંકલ્પ-શક્તિ, જ્ઞાન-શક્તિ છે..... તે ઋત્ના નિયમોનું પાલન કરે છે. પૃ.૧૧

૭ જ્યારે (માણસ)..... અમર્ત્યતાને પ્રાપ્ત કરવા માગે છે, ત્યારે તેણે આ અભીપ્સુ શક્તિની તથા સંકલ્પ-શક્તિની જ્વાળાને પ્રજ્વલિત કરવી પડે છે. તેણે આ અગ્નિમાં આહુતિઓ આપવી પડે છે. પૃ.૧૧

૮ દિવ્ય-યજ્ઞમાં બોલાવેલા દેવોને તે હોમદ્રવ્યો અર્પણ કરે છે. યજ્ઞની યોગ્ય ઋતુને તથા ક્રમને નક્કી કરે છે. પૃ.૧૧

૯ જેમ જેમ ઊર્ધ્વમાં આરોહણ કરે છે, તેમ તેમ તે ઋત્ના વિશાળ પ્રકાશમાં વિસ્તૃત બનતો ચાલે છે. દિવ્ય ઉષાને મળવા.... પ્રાણિક અંતરિક્ષમાંથી તથા

માનસિક આકાશમાંથી ઉપર ચઢી જાય છે અને છેવટે દ્યુલોકનાં પ્રકાશમાં પ્રવેશ કરે છે. પૃ.૧૨..... તે વિરલ ભૂમિકાનો દેવ ત્રિત આપ્ત્ય (ત્રણેમાં વ્યાપ્ત = પરમ - ચેતના) તેને પોતાના હાથમાં લે છે. તેને સર્વ પાપનાશક, અજ્ઞાનનાશક આયુધનો ઘાટ આપે છે. પૃ.૧૩

૧૦ અગ્નિને..... વિશ્વ માતા-પિતાનો શિશુ કહેવામાં આવ્યો છે. આકાશ-પૃથ્વીનો, મન-શરીરનો, પુરુષ-પ્રકૃતિનો શિશુ વર્ણવવામાં આવ્યો છે. આ પૃથ્વી તેને પોતાની પાર્થિવતામાં સંતાડી રાખે છે..... છેવટે તે શિશુને સોંપી દેવો જ પડે છે. પૃ.૧૨

૧૧ ઉપરની અરણીના (આકાશ-મન) નીચેની અરણી (શરીર-પૃથ્વી) પરના દબાણને પરિણામે અગ્નિ જન્મવાનો છે. પૃ.૧૨

૧૨ તેને સાત માતાઓના પુત્ર પણ કહેવામાં આવ્યો છે. પૃ.૧૪

૧૩ ઋત્ તેનું જન્મસ્થાન તેમ જ ઘર છે. પૃ.૧૪

૧૪ જ્યારે મનરૂપી ઈન્દ્ર આવરણ કરતા વૃત્રનો સંહાર કરે છે, ત્યારે આ પ્રકાશયુક્ત લોકની સાત નદીઓ - દ્યુલોકમાંથી અવતરણ કરે છે. પૃ.૧૪

૧૫ પોતાના વિશાળ પ્રકાશમય અંગો વડે તે બધી ભૂમિકાઓને વ્યાપ્ત કરે છે..... માનવના આત્મામાં દિવ્ય ઋત્ની પ્રતિકૃતિરૂપે તેમના પ્રદેશોનું નિર્માણ કરે છે. પૃ.૧૪

૧૬ વૈદિક આત્મા-વૈશ્વાનર તરીકે બધા દેવો કરતાં તે વધારે મહાન, શક્તિશાળી, તેજસ્વી અને બિનઅંગત છે. પૃ.૧૪

૧૭ અગ્નિ અત્રિ છે. પૃ.૧૫

ઋગ્વેદનાં દસ મંડલમાં ઋષિઓની ભાષા, રૂપકો, વિચારોમાં, ચિંતનમાં ખૂબ જ સામ્યતા છે. આનો અર્થ વૈદિક જ્ઞાન એ સમાજમાં સારી રીતે જાણીતું હતું અને તેનો બહોળો પ્રચાર હતો. ઋષિઓમાં સર્વસંમતિ હતી. રૂપકો સર્વમાન્ય હતાં. આ ખાસિયત ઉપરથી આપણે એક વસ્તુ તારવી શકીએ કે ઋગ્વેદના કોઈ પણ મંડલમાંનો કોઈ પણ સૂક્તનો કોઈપણ મંત્રમાં એક શબ્દનો જે આંતરિક અર્થ પ્રગટ થશે તે સર્વત્ર વિનાવિરોધે અને સંવાદમય સ્વરૂપે લાગુ પડી જશે. તેના આધારપુરાવા માટે અનેક સૂક્તોમાં તે બંધબેસતો છે કે નહિ તે તપાસવાની જરૂર

નહિ રહે.

અર્થાત્ દરેક ઋષિની પ્રકૃતિની ખાસિયત મુજબ ભાષામાં વિશેષતા પણ જણાશે દા.ત. દીર્ઘતમસ્ ઔચથ્યની ભાષા વધારે ગૂઢ હોય છે. જ્યારે મેધાતિથિ તથા કણ્વની મધુર, લયબદ્ધ હોય છે. વિશ્વામિત્રની વેગીલી અને વશિષ્ઠની સમતોલ. પણ બધા જ ઋષિઓ દીક્ષિતોને દર્શાવતી પરંપરા બાબતમાં પૂર્ણ એકનિષ્ઠ રહેતાં હતાં.

ઋતમ્‌નો અર્થ બીજસ્વરૂપ અવ્યક્ત સત્ય અને 'ગો'નો અર્થ તે ઋત્‌ને ધારણ કરતો આંતરિક પ્રકાશ, કિરણ લેતાં તે ઋગ્વેદનાં સૂક્તોના બધા જ મંત્રોમાં બંધબેસતો જણાયેલો છે. દ્યોઃ અથવા સ્વર્ગ એટલે મનસ્તત્વ, ઈન્દ્ર એટલે પ્રકાશમય મન, 'ત્રિરોચના' અર્થાત્ ત્રણ પ્રકારનાં આંતર પ્રકાશ - શરીર, પ્રાણ અને મનનાં, આ બધા જ શબ્દાર્થો પણ બંધબેસતા જણાયા છે. (ક્રમશઃ)

---

(પૃ.૩૩ ઉપરથી)

## અવતાર અને જન્મ

પ્રભાવ પાડતો હોય છે. આ જન્મની પ્રક્રિયાની સર્વ સાધારણ રૂપરેખા છે.

જીવ અર્થાત્ ચૈત્યપુરુષ એ પણ એક ચૈતસિક રચના છે. જીવાત્માએ પોતે ધારણ કરેલા સંકલ્પને નિમ્નમનોમય, પ્રાણમય, સૂક્ષ્મપાર્થિવ અને ભૌતિક-સ્તરે સક્રિય કરી તે મુજબનું સ્વરૂપ રચવા, એક કાયમી મૂળભૂત આવિર્ભાવ કેન્દ્રની રચનાની જરૂર છે. તે જ ચૈત્યપુરુષ છે, તે પ્રકાશમય છે ; તેથી વેદો તેને અગ્નિ કહે છે. તે જ વ્યક્તિસ્વરૂપ નાનકડું વિશ્વ રચે છે. તેથી તેને વૈશ્વાનર અગ્નિ કહે છે. વ્યક્તિગત વિશ્વમાં રચાયેલું વ્યક્તિસ્વરૂપ અર્થાત્ નરસ્વરૂપ એટલે જ વૈશ્વાનર અગ્નિ, ચૈત્યપુરુષે જે મનસ્તત્ત્વને કે પ્રાણતત્ત્વના કે સૂક્ષ્મ-પાર્થિવના અંશને પૂર્ણ રીતે શુદ્ધ અને દિવ્ય કરેલ હોય તે તે વ્યક્તિત્વનો અંશ બની જાય છે. આમ, દર જન્મે શરીર રચાશે ત્યારે જીવ અને શરીર એવો ભેદ નહીં રહે બન્ને એકરૂપ બની જશે. એ જ કૈવલ્ય છે તેમાં પ્રકૃતિ અને પુરુષ એકરૂપ થઈ જાય છે.

જ્યાં સુધી આ પ્રક્રિયા પૂર્ણ થતી નથી ત્યાં સુધી ભૌતિક, પ્રાણમય અને મનોમય શરીર વિઘટિત થઈને નવા જન્મે ફરી બંધાતા હોય છે. જ્યારે આ પ્રક્રિયા પૂર્ણ થાય છે ત્યારે જીવ પ્રભુની હાજરી, તેનો પ્રકાશ, તેની શક્તિ અને તેના કાર્યની નીક અને માધ્યમ બનીને જીવન જીવે છે તે જગતમાં વિચરનાર પ્રત્યક્ષ પ્રભુરૂપ જ બની જાય છે. આ જ દિવ્ય-જીવન છે અને અતિમનસ- જગતનું સારતત્ત્વ પણ આ જ છે.

# સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

## અવતાર અને જન્મ

પ્રકરણ - ૨૩

(ખંડ-૨, પૃ.૧૨૭) (તા.૧૦.૭.૨૩)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શિષ્ય : ચૈત્યપુરુષો બે હેતુથી જન્મે છે. સામાન્ય જીવો પોતાની ચેતનાનો વિકાસ કરવા કર્માનુસાર જન્મે છે. મુક્ત જીવો પ્રભુનું વૈશ્વિક કાર્ય કરવા, ઉત્ક્રાંતિને મદદરૂપ થવા કર્માનુસાર નહીં પણ સંકલ્પનુસાર જન્મ લે છે.

શ્રી અરવિન્દ : અવતાર કે વિભૂતિનો જન્મ સામાન્ય જન્મ હોતો નથી. અવતાર ઉત્ક્રાંતિનો તબક્કો હાંસલ કરવા જન્મે છે. વિભૂતિ હાલમાં જ હાંસલ કરેલા તબક્કાને પરિપૂર્ણતા લાવવા જન્મે છે.

પ્રશ્ન એ છે કે આ માટે જન્મ લેવો જ જોઇએ? ઊર્ધ્વમાં રહીને આ જીવો કાર્ય ન કરી શકે? આ પ્રશ્ન બીજો પ્રશ્ન નિર્માણ કરે છે. પૃથ્વી ઉપર ભૌતિક-જીવન નિર્માણ શા માટે થયું? તે તેનો જવાબ હશે તે જ આપણા પ્રશ્નનો પણ જવાબ હશે. તેનો જવાબ છે પ્રભુનો પરિપૂર્ણ આવિર્ભાવમાં ભૌતિક - આવિર્ભાવનો પણ સમાવેશ થાય છે તેથી ભૌતિક સૃષ્ટિ પણ રચાઇ. અના આધારે આપણને જવાબ એ મળે છે કે જીવદ્વારા પ્રભુના પરિપૂર્ણ આવિર્ભાવ માટે ભૌતિક-સૃષ્ટિ અનિવાર્ય છે. ફક્ત પ્રભુ વિચારો અને ભાવનાઓમાં કે સંકલ્પોમાં જ પ્રગટ થાય અને ભૌતિક-જીવનમાં મૂર્તિમંત ન થાય તો તેને પૂર્ણ આવિર્ભાવ ન જ કહી શકાય.

શિષ્ય : મારે પુનર્જન્મની પ્રક્રિયા વિષે ખાસ જાણવું છે.

શ્રી અરવિન્દ : ભૌતિક-જન્મમાં ભૌતિક-દેહ ઉપરાંત સૂક્ષ્મ અને કારણ-શરીર ધારણ કરેલો જીવ એવા ચાર તત્ત્વો હોય છે. ભૌતિક-શરીર ભૌતિક-પ્રક્રિયાથી ભૌતિક-જગતમાં બંધાય છે. પ્રાણ અને મનનું બનેલું સૂક્ષ્મ-શરીર પ્રાણમય અને મનોમય-લોકમાં ત્યાંની પ્રક્રિયા અનુસાર બંધાય છે. આ બંધારણમાં જ જન્મોના સંસ્કારો ભાગ ભજવે છે અને નવી પ્રકૃતિ રચે છે. જીવ પોતે ચૈતસિક રચના છે. આ બધા ઉપર જીવાત્માએ ધારણ કરેલો પ્રભુનો સંકલ્પ

(પૃ.૩૨ ઉપર)

# શ્રી અરવિન્દના બાળકોનો પ્રચંડ હૂંકાર

માનસિંહ ચાવડા

શ્રી અરવિન્દનો પ્રભાવ-સૂર્ય, ઝળહળે વિશ્વમહિં,
અદિવ્યતાના ઉભરા ઉઠે, ગ્રસવા અવચેતનેથી વળી.
કોઇ પોતાની વિકૃતિને લઇ, હાથા બને અચિત્‌ના,
ને કુતર્કોની માયાજાળ રચે, સાધકોને ભરમાવવા.
ન માને મહાનતા, તે ''શાશ્વત અવતાર''ની,
અર્ધ સત્યો, ભ્રમણાઓને, દર્શાવે તે વાસ્તવિકતા ગણી.
ગીધ ઊંચાઇએ ઉડે, પણ મન રહે મડદા મહિ,
તેમ આ હીનબુદ્ધિ, ન સમજે મહિમા ગુરુની અતિ.
પ્રલાપ પાગલ તણાં, ન મનમાં ઉદ્‌વેગ ધરો,
તે તો સફળતા અસુર તણી, માટે શાંત દૃઢ બનો.
શ્રદ્ધા અમારી મેરુવત્‌, અડગ, આભ ને આંબતી,
ન કોઇની પહોંચમાં, પ્રભુ ચરણે જઈ વિરમતી.
શું સૂર્ય પ્રતિ થુંકનારનું, થૂંક સૂર્ય ઉપર જઈ પડે,
પડશે તે તેના જ મુખ પર, એ નિયતિ ધ્યાને ધરો.
કહો સ્વાભિમાનથી, દિવ્ય-યોદ્ધા અમે શ્રી અરવિન્દના,
શેરીના ભસતા કુતરાં, શું ધ્રજાવે જીગર આ વજ્રના ?
અમ શ્રદ્ધાનાં કાંગરા, નહિ ખરે, નહિ ખરે,
તારી તાકાત શું, અમ હૂંકાર તું સાંભળી લે,
આત્મસૂર્ય ઝળહળે સદા, શ્રી અરવિન્દના જ્ઞાન-પ્રકાશનો,
મેઘાડંબરો, ડમરી આવે, તેની શું ચિંતા કરો.

## ઉપનિષદોનું અમૃત

- માનસિંહ ચાવડા

# ૐકારની ચતુર્થમાત્રા

પ્રકરણ-૪૩ (માંડૂક્યોપનિષદ)

આ ઉપનિષદમાં પ્રણવવિદ્યા અને પ્રજ્ઞાનવિદ્યાની વિગતો આપેલી છે. પ્રણવવિદ્યા એટલે ૐકારોપાસના. પ્રજ્ઞાનવિદ્યા એટલે પ્રજ્ઞાશક્તિનાં જાગરણની વિદ્યા.

બન્ને વિદ્યા એક જ સત્યનાં બે અભિન્ન પાસાં છે. પ્રજ્ઞાશક્તિ એ પરમ-પ્રભુની મૂળભૂત સર્જનશક્તિ છે, જ્ઞાનશક્તિ છે અને પ્રણવ એ તેમાંથી સર્જન માટે નીકળતાં આંદોલનો સ્વરૂપ (છંદસ્વરૂપ) પ્રેરણાઓ છે. એમ પણ કહી શકાય કે એક સંકલ્પસ્વરૂપ છે. બીજી તે સંકલ્પાનુસાર થતા કાર્ય કે પરિણામસ્વરૂપ છે. બ્રહ્મતત્વ સાથે પ્રજ્ઞા એકરૂપ છે તેથી 'પ્રજ્ઞાનં બ્રહ્મ' આ સત્ય વેદોએ દર્શાવેલ છે.

આ પ્રજ્ઞાશક્તિમાંથી જ સંકલ્પશક્તિ, મેઘાશક્તિ, બુદ્ધિશક્તિ (મતિ) સ્મૃતિશક્તિ, શ્રદ્ધાશક્તિ અને ધૃતિશક્તિ (ધારણા) નિર્માણ થએલાં છે.

આ બધી શક્તિઓ જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ ત્રણે અવસ્થામાં કાર્ય કરી શકે છે. આ બધાને પ્રજ્ઞાશક્તિની પાસાં અથવા દિશા કહેવાય છે. (દિશો યશ્ચક્રે પ્રજ્ઞાની. જયેષ્ઠાય બ્રહ્મણે નમઃ અથર્વ ૧૦.૭.૩૪) પ્રજ્ઞાયુક્ત બ્રહ્મતત્ત્વને જયેષ્ઠ બ્રહ્મ કહે છે અને અન્ય શક્તિઓથી યુક્ત બ્રહ્મને 'કનિષ્ઠ બ્રહ્મ' કહે છે.

આ જે જયેષ્ઠબ્રહ્મની એક અને કનિષ્ઠ બ્રહ્મની ત્રણ અવસ્થા મળીને ૐકારની ચાર માત્રા થાય છે. જાગૃત-અવસ્થાને 'સ્થૂળભુક્' અથવા બહિઃપ્રજ્ઞ-અવસ્થા કહે છે, કારણ આમાં બાહ્ય સ્થૂળ-જગત સાથેનો વ્યવહાર હોય છે. આ અવસ્થામાંનાં સમગ્ર શરીરને 'વૈશ્વાનર' કહેવાય છે. નર એટલે વ્યક્તિસ્વરૂપ અને ત્રણે વિશ્વને જોડનાર વ્યક્તિસ્વરૂપ તે વૈશ્વાનર. જાગૃત અવસ્થામાંનું સ્થૂળ જગત એ ભૂ છે. સ્વપ્ન જગતમાંનું ચૈતસિક જગત એ સ્વઃ છે. આ ત્રિલોક છે. આ ત્રણે અવસ્થાઓનો ભોગ ભોગવવા ત્રણ શરીરો રચેલાં છે, કારણ- શરીર,

(અનુ.પૃ.૪૮ ઉપર)

# આત્મસિદ્ધિ

- શ્રી અરવિન્દ અને શ્રી માતાજી

# દિવ્યપૂર્ણતા

(પુસ્તિકા પૃ.૭-૧૩)    પ્રકરણ -૨

## આત્માની સનાતન પૂર્ણતા

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ગતાંકથી ચાલુ)

આત્મતત્ત્વમાં પૂર્ણતા સ્વભાવગત છે તે પ્રાપ્ત કરેલી નથી. તે પૂર્ણતાને જીવનમાં લાવવાની છે. જીવન વિકાસ પામી રહ્યું છે, તેથી તે તે સનાતન પૂર્ણતાને તબક્કાવાર જ વધારે ને વધારે પ્રકટ કરતું જવાનું છે. પ્રભુની પૂર્ણતા એટલે જ આવી સનાતન પૂર્ણતા. તેને જ પ્રભુ સાથે એકતા એમ પણ કહેવાય છે. તે ઊર્ધ્વમાં દિવ્ય-પ્રકાશસ્વરૂપે દિવ્ય-શક્તિ તરીકે દિવ્યસત્ય કે તત્ત્વ સ્વરૂપે રહેલી છે.

**માનવ પાસે માગણી**

તે દિવ્ય-સત્ય કે પ્રભુ આપણી પાસે બે જ માગણી કરે છે : (૧) આંતરિક આત્માનો સાધના માટેનો સાદ કે સંકલ્પ જેને શ્રદ્ધા કહે છે. (૨) તે અનુસાર મનનો ટેકો સંમતિ અને સહકાર, જેને આત્મસમર્પણ કહે છે.

આવી રીતે શ્રદ્ધાયુક્ત હૃદય અને સમર્પિત મનથી સાધનાની શરૂઆત થાય છે. શરૂઆતમાં આપણી પ્રભુ અને સાધના બન્ને વિષેની કલ્પના અધૂરી, અવિકસિત, દોષપૂર્ણ હોય છે. સાધનાની ગતિ પ્રમાણે તે વિકાસ પામતી અંતે પૂર્ણતા પ્રાપ્ત કરે છે. ત્યારે પ્રભુ સાથે એકરૂપતા સધાય છે અને સાધના તેનું સહજ કર્મ - તેના આવિર્ભાવનું કાર્ય.

**પૂર્ણયોગમાં પ્રભુનો ખ્યાલ**

પૂર્ણયોગને અનુરૂપ પ્રભુનો ખ્યાલ વિશાલ, સર્વસમાવેશક હોવો જરૂરી છે. તેથી પૂર્ણયોગમાં પ્રભુને અનંત, શુદ્ધ અસ્તિત્વ સ્વરૂપ, માનવી-આત્મા સાથે અદ્વૈતમાં રહેલા તત્ત્વ તરીકે ગણે છે. તે નિરાકાર છે છતાં વિશ્વસ્વરૂપે સાકાર પણ થાય છે. અનંત-શક્તિ સ્વરૂપ છે. વૈશ્વિક-શક્તિઓ તેના વિધવિધ રૂપ છે. તે અદૃશ્ય છે છતાં સર્વમાં છે. સર્વ તેમાં જ છે. સારાંશ, તે અન્તર્યામી પણ છે અને સર્વવ્યાપક છે. અનંત ચેતનાસ્વરૂપ છે, અનંત સત્‌સ્વરૂપ છે. તેના સંકલ્પાનુસાર જ જગત ભાવિ-

પૂર્ણતા તરફ ગતિ કરી રહ્યું છે. તે આપણા યોગનો સ્વામી છે અને આપણી દ્વારા પોતે જ યોગ કરતો હોય છે. પ્રથમ આવા વિચારો અને ભાવો બાબત શ્રદ્ધા રાખો. ધીમેધીમે તે ભાવો અનુભવસિદ્ધ બની જશે અને એક શાશ્વત-જ્યોતિમાં પલટાઇ જશે.

**દિવ્ય-હાજરીનું સંચાલન**

સાધકને ઊર્ધ્વમાંથી સતત એક દિવ્ય-હાજરી, એક નિવ્યક્ર્તિક તત્ત્વ સંચાલિત કરતું હોય છે અને તે સંચાલનના ભાગ તરીકે એક દિવ્ય-પ્રકાશ ઊર્ધ્વમાંથી અવતરણ પામીને સાધકના મન, પ્રાણ, શરીર અને અંતે કોષેકોષને પ્રકાશમય કરતી હોય છે. તે જ પ્રકાશ કર્મો અને આંતરિક વૃત્તિઓને નવા ઘાટ આપે છે. તે માટે અશુદ્ધિઓનો નાશ કરે છે. દિવ્યતત્ત્વોનું સર્જન કરે છે. આ ઘટના દરમિયાન સતત એક દિવ્ય-આનંદની હાજરી અનુભવાય છે અને તે આનંદ, દુઃખ અને વેદનાને પણ ઓગાળી નાખતો અનુભવાય છે. સાધક એક કરુણાપૂર્ણ પ્રેમ બધા પ્રત્યે અનુભવે છે. ભૌતિક જીવનની અપૂર્ણતાઓ વચ્ચે પણ આવો અનુભવ આવે છે. એક મધુરતા, પૂર્ણતા અનુભવાય છે. અશુભનો નાશ કરે છે. ભાવના, વિચારોને એક ઊર્ધ્વ-ગતિ આપે છે બધું જ એક દિવ્યતા ધારણ કરે છે. પ્રભુ એક પ્રેમી, સુહૃદ, માતા કે માલિક તરીકે અનુભવાય છે. માનવ પોતાની રીતે આવા સંબંધો બાંધે છે પણ આ સંબંધો માનવી હોતા નથી, દિવ્ય હોય છે અર્થાત્ તેમાં માનવી-અપૂર્ણતાઓ દેખાતી નથી.

---

(પૃ.૨૮ ઉપરથી)

## યોગ પર દીપ્તિઓ

ઊર્ધ્વમાંની જાગૃત અને વાટ જોતી યોગશક્તિ વિશે શ્રી અરવિન્દ 'સાવિત્રી'માં જણાવે છે :

A deathbound littleness is not all we are:
Immortal our forgotten vastness
Await discovery in our summit selves;
Unmeasured breadths and depths of being are ours.

(Savitri Pg. 46)

સાવિત્રીની યોગશક્તિ જાગૃત થાય છે ત્યારે -

Out of the Inconcient's soulless mindless night
A flaming Serpent rose released from sleep.
It rose billowing its coils and stood erect
And climbing mightily, stormily on its way
It touched her centres with its flaming mouth:...
Then at the crown it joined the Eternal's space.
In the flower of the head, in the flower of Matter's base.

(Savitri Pg. 528)

# સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ.૧૭૩-૧૭૯)

પ્રકરણ - ૨૮ અવતરણો

## રોગ નિવારણ : કોષોમાં પ્રભુશક્તિનો સંચાર

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 There is above us..... a great supporting extension as it were of peace, light, power, Joy, that we can become aware of it and bring it down into the physical consciousness. P.172

2 It (peace above) can.... change the whole basis of our daily-consciousness..... The need is to have an aspiration towards it, make the mind quiet so that what we call the opening is redered possible. P.172

3 In this yoga, the whole principle is to open oneself to the Divine Influence. P.172

4 In descends into mind as Peace, as Light, as a Force that works, as the Presence of the Divine with or without form, as Anand. P.172

5 Aspiration, Call, Prayer are forms of one and the same thing. P.172

6 One begins by wanting it with mind, ..... then one has aspiration (in the heart) you must sense it (in the body). P.173

7 Have less and less the feeling that you are a person, a separate entity. P.173

8 That aspiration (inner flame) ..... it is a kind of luminous enthusiasm..... It is an irresistible need to melt away. P.173

9 This must occur..... take place.... in all the cells of the body. P.174

10 Suddenly..... insteed of feeling the ascent..... you have the feeling of the Descent, the answer. P.174

11 One asks with the unshakable certitude that it will come (Child like trust). P.174

12 If there is doubt (it) creates a sort of little whirlwind around the being which prevents it from receiving the real thing. P.176

13 In any case the first indispensable condition is a quiet surrender to the Divine will. P.177

14 Force of transformation is working very, very hard..... there is a change in the functioning, and so the first impression is always disorder. P.177

15 Complete Surrender, i.e. that it counts only the intervention of the Supreme..... that is the body. P.178

16 The first thing to teach the body is to remain immobile, to have no reaction..... no shrinking..... not even the movement of rejection..... a perfect immobility. P.178

17 After the perfect immobility comes the movement of inner aspiration. P.178

18 Sincerity becomes intense..... in the consciousness that everything is the action of the Divine. P.179

19 (Cells) they are able to feel that they are the expression of Divine. i.e. to become conscious that all is divine. P.179

દરેક માનવના મસ્તકની ઉપર એક નિરાકાર પ્રકાશમય ચેતના હોય છે. તે જ માનવના સ્વરૂપને આધાર આપે છે, જેમ ઝળુંબાતા ફળનો આધાર ડાળી હોય તેમ ! તેમાંથી જ આંતર-પ્રેરણાઓ નીચે અવતરણ પામી ચિત્તમાં પ્રગટ થાય છે. તે ચેતનાના વિસ્તારમાં જ શાંતિ, પ્રકાશ, શક્તિ અને આનંદનો સ્રોત છે. ગીતા તેને જ અક્ષરપુરુષ કહે છે અને તેને આપણા સ્વરૂપનું 'ઊર્ધ્વમૂલમ્' કહે છે. તેના સંપર્કમાં આપણી ભૌતિક-ચેતનાને પણ રૂપાંતરિત કરવાની ઝંખના, અભીપ્સા અને તેને કારણે આપણી ચેતનામાં પોતાની મેળે આવતો ઉઘાડ આવે છે. આ ઊર્ધ્વ-ચેતના જ પ્રભુ અને આપણી વચ્ચેનું સંપર્ક સાધવાનું માધ્યમ છે. તે નીરવ-પ્રદેશ તરીકે અનુભવાય છે. તે જ્યારે અભીપ્સાના પોકારના પ્રત્યુત્તરમાં નીચે વહી આવે છે ત્યારે તે આપણા મન (વિચારો), પ્રાણ (ભાવના કે હૃદય) અને શરીર અથવા કર્મોને છલોછલ ભરી દે છે અને તેને કારણે આપણા સમગ્ર અસ્તિત્વમાં પ્રભુની હાજરીનો અનુભવ થાય છે અને સાથે સાથે શાંતિ, પ્રકાશ, શક્તિનો પણ અનુભવ થાય છે, જે દિવ્ય-શક્તિનાં જ વિવિધ સ્વરૂપો છે.અભીપ્સા એકદમ કેળવી શકાતી નથી. પહેલા તો આપણા મને તેની તાતી જરૂર છે એ સ્વીકારવું પડે છે. પછી હૃદય પણ સ્વીકારે છે અને અંતે,

શરીરનાં કોષો પણ આ સ્થિતિ સર્જાતા અભીપ્સા પોતાની મેળે પ્રગટ થાય છે તે તમને હ્દયને સ્પર્શી જવી જરૂરી છે.

જેમ જેમ તમારી ચેતના અભીપ્સાના જોરે ઊર્ધ્વગામી થાય છે તમે વધુ ને વધુ અહંકારમાંથી મુક્ત થતા જાઓ છો અને તેને કારણે તમે પોતાની પ્રકૃતિમાંથી મુક્ત થતા અનુભવો છો. તમે પોતાના વ્યક્તિત્વની મર્યાદાઓ તોડતા લાગો છો. પોતે જગતથી જુદા નથી પણ તેનો જ એક અંશ છો એવો ભાવ વચગાળામાં જન્મવા લાગે છે. વાસના, સ્વાર્થનું જોર તૂટતું લાગે છે. તેવી સ્થિતિ પ્રાપ્ત થતાં જ તેની પાછળ પાછળ પગલાં ભરી અવતરણ પામતી દિવ્ય-ચેતના એક પ્રકાશમય દિવ્ય-ઉત્સાહ અથવા પ્રકાશમય વિસ્તાર તરીકે અનુભવવા માંડે છે. તે ખરેખર આપણી અહંકાર મુક્તિની અચૂક નિશાની છે.

આ ઘટના કોષોમાં પણ અનુભવવાની જરૂરી છે. પણ આ દિવ્ય-અનુભવમાં સાતત્ય હોતું નથી. તે અચાનક ઓગળી જતા ચેતનામાં આવરણ અથવા મૂઢતા આવી જતી લાગે છે. વ્યક્તિ ત્યારે ગૂંગળામણ અનુભવે છે. આ ગૂંગળામણ જ તમને તે ચેતનાને ફરી પ્રાપ્ત કરવાની પ્રેરણા આપી સાધનારત રાખે છે. ફરી દિવ્ય-ચેતના કૃપા કરીને અવતરણ પામી પ્રગટ થાય છે. આમ, તબક્કાવાર આપણી પ્રકૃતિનું રૂપાંતર દિવ્ય-પ્રકૃતિમાં કરવામાં આવતું હોય છે.

ઘણાંને આવા પરિણામો વિલંબે આવતા અનુભવાય છે કારણ તેઓમાં પરિણામ બાબત ખાતરી હોતી નથી. પોતાની સાધનાની સફળતાનો અથવા સાચી હોવાનો વિશ્વાસ હોતો નથી. સાચી, અડગ, આત્મવિશ્વાસપૂર્ણ શ્રદ્ધા જ આમાં યશ અપાવે છે. આવી શ્રદ્ધા, ઉત્સ્ફૂર્ત, સાદીસીધી, શંકાવિરહિત, નાના બાળકની શ્રદ્ધા જેવી હોય છે. આપણું મન વિચાર કરીને, શંકાકુશંકા કરીને, આપણી અને પ્રભુ વચ્ચે દીવાલ ચણી દે છે. શંકાને કારણે સૂક્ષ્મ શરીરની આજુબાજુ એક વંટોળ નિર્માણ થાય છે. જે દિવ્ય-શક્તિને સૂક્ષ્મ-શરીરમાં પ્રવેશવા અવરોધ નિર્માણ કરે છે, શંકા એ અશ્રદ્ધાનો જ પ્રકાર હોય છે.

તમારી અભીપ્સા, શ્રદ્ધા અવનવા રૂપે પ્રગટ થતી હોય છે. કોઈ વખત ભાવ તરીકે, કોઇ વખત શબ્દમય પ્રાર્થના તરીકે, કોઇ વખતે મૂક સમર્પિત કર્મો તરીકે, કોઇ વખતે પ્રભુ સાથેનો આંતરિક-સંવાદ તરીકે જેને આત્મ-નિવેદનમ્ કહે છે. આ બાહ્ય-સ્વરૂપો બાબત આગ્રહ રાખો નહિ. જે સ્વરૂપે આવે તે સ્વરૂપે ભાવજીવન જીવો. આ બધાંનો આધાર અને સ્રોત એક જ વસ્તુ હોય છે - પ્રભુ પ્રત્યે શાંત, સશ્રદ્ધ, સમર્પણભાવ.

આ ભાવને બાહ્ય-પરિસ્થિતિનાં આઘાતોથી બચાવવો પડે છે. જીવનમાંની સમસ્યાઓમાં મનને અટવાઇ જતા રોકવું અને ઊર્ધ્વમાંના પ્રકાશ, શાંતિ અને અવિચળ શક્તિમાં ચેતનાને સ્થિર કરી એકરૂપ થઈ રહેવું અને પ્રભુને સમર્પિત ભાવે પ્રભુને જીવનને ઘાટ આપવો છે તેની ઉપર જ પસંદગી ઉતારવી આ જ સાચો સરળ અને સુરક્ષિત માર્ગ છે.

આને કારણે રૂપાંતરકારિણી શક્તિ જ નીચે અવતરણ પામે છે. તે આપણા શરીરની ક્રિયા કરવાની બધી જૂની ટેવોને ભાંગીને નવી પદ્ધતિ અપનાવે છે. આથી પ્રાથમિક અવ્યવસ્થા નિર્માણ થઇ રહી છે, એવો ભાવ રચાવાની શક્યતા છે પણ તેની તરફ દુર્લક્ષ્ય કરીને ઊર્ધ્વ-ચેતનાનાં પ્રકાશમાં સ્થિર રહેતા શીખો. શરીરને બોલવા દો. ''તે પ્રભુ સર્વજ્ઞ છે. તે મારો હિતેચ્છુ છે. તે બધી વસ્તુઓ મારફત કામ કરી જ રહ્યો છે. તેમાં જ મારું કલ્યાણ છે.'' તે કરતી વખતે શરીરને અવિચળ બનાવી દો. અવિચળ એટલે જ શરીર પ્રત્યાઘાત આપતું નથી, શાંત રહે છે. ભયથી સંકોચાતું નથી. કોઇ વસ્તુ બાબત પૂર્વગ્રહયુક્ત નાપસંદગી નથી તેવું. પ્રભુની ઇચ્છાને પૂર્ણ આધીન હોય છે. ધીમેધીમે શરીરની ગ્રહણશીલતા વધી જાય છે. કોષો પોતાને પ્રભુનો આવિર્ભાવ માની તેની સાથે એકરૂપતા સાધે છે. આવી સ્થિતિમાં રોગ-નિવારણ પોતાની મેળે થાય છે. માનવ નિરામય રહે છે.

---

## (પૃ.૪૩ ઉપરથી) શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

રોવાનાં ન હોય ! કલ્યાણ કરનારની દુર્ગતિ થતી નથી, એ ગીતાનો સિદ્ધાંત સાચો જ છે (નહિ કલ્યાણ કૃત્ કશ્ચિત દુર્ગતિં તાત ગચ્છતિ - ગીતા)

પુરુષાર્થી-જીવન જ પ્રગતિ કરાવે છે કદાચ તેને હાલમાં યશ ન પણ મળે. સામાન્ય-જીવનમાં યશઅપયશ ઓછા હોય છે પણ તેની પ્રગતિ પણ ઓછી જ થાય છે.

આપણી અભીપ્સા વિશ્વપ્રકૃતિ ઉપર કેટલી યશસ્વી રીતે કાર્ય કરે છે, તેની ઉપર જ યશાપયશ રહે છે. પ્રભુની ઘડીમાં યશસ્વી થવાય છે પણ તે ઘડી વારંવાર આવતી નથી. યશ તો અનેક ઘટકો ઉપર આધારિત છે. તેમાં ફક્ત આપણી અભીપ્સા અને સંકલ્પ એક જ ઘટક નથી.

# સુંદર કથાઓ

- માતાજી

## પ્રભુનાં દર્શન

(પૃ.૧૪૯-૧૫૦) **સમજૂતી** - માનસિંહ ચાવડા

સંત ફ્રાન્સિસની આ વાત છે. તે મહાન સંત હતા. ગરીબ અને તવંગર બધા તેમને શ્રદ્ધાથી જોતા. તેમને એક વખત પર્વતનાં એકાંતમાં પ્રભુની પ્રાર્થના કરવાનું મન થયું. તેમને પ્રભુનાં દર્શનની ઈંતેજારી હતી.

તેમણે પોતાની સાથે અન્ય ત્રણ સાધુ લીધાં. ચારે ઈટાલીનો પર્વત ચડવા લાગ્યા. ઘણું ઉપર ચડ્યાં. બપોર થઈ, સખત તડકો લાગવા માંડ્યો. સંત ફ્રાન્સિસ થાકી ગયા. તેમને હાંફ ચડી. એક સાધુએ તેને મળેલા એક ખેડૂતને પૂછ્યુંઃ ''ભાઈ મદદ કરશો ?''

''શેની ?''

''તમારો ગધેડો સંતને ઉપર ચડવા માટે આપો.''

''આ કોણ છે ?''

''સંત ફ્રાન્સિસ.''

ખેડૂતે શ્રદ્ધાથી પોતાનો ગધેડો આપ્યો, સાથે પોતે પણ ચાલ્યો, ચઢાણ સીધું થતું ગયું. ગધેડો પણ થાકવા લાગ્યો. સંત ફ્રાન્સિસ આંખો મીંચીને ગધેડા ઉપર બેઠા હતા.અંતે ખેડૂતે મૌન તોડ્યું :

''શું ખરેખર તમે જ સંત ફ્રાન્સિસ છો ?''

''હા''

''તો એક સલાહ આપું.''

સંતે આંખ ખોલી ''જરૂર..... જરૂર.....''

'' તમને લોકો જેવા દયાળુ સમજે છે તેવા થવાનો જરૂર પ્રયત્ન કરજો.'' ખેડૂતની નજર ગધેડાના મોઢામાંથી નીચે પડતા ફીણ તરફ હતી.

સંતે ગધેડા તરફ જોયું, પરિસ્થિતિ પામી ગયા. પોતાની ભૂલ સમજાઈ. ખેડૂતને ગધેડાને રોકવા કહ્યું. તરત ગધેડા ઉપરથી નીચે ઊતરી ગયા.

''હવે ઉપર જવાની જરૂર નથી.'' સંત બોલ્યા.

''શું કહો છો !'' સાધુઓ આશ્ચર્યથી બોલ્યા.

''મેં પ્રભુને બોલતા સાંભળી લીધાં છે. મારું કામ થઈ ગયું છે.''

(ખેડૂત દ્વારા જ સંતને પ્રભુએ ઉપદેશ આપેલો)

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

**Aphorisms**

(માતૃવાણી ભા-૧૦, પૃ.૫૮-૫૯) - પ્રકરણ-૨૧

## યશનાં કારણો

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**અમુક વસ્તુ તો સાચી છે એમ હું માનતો રહ્યો છું અથવા એવી મેં ઈચ્છા સેવેલી છે. પણ મેં જોયું છે કે એ પ્રમાણે બન્યું નથી. એટલે એ વાત તો સ્પષ્ટ છે કે આ જગતનું સંચાલન કોઈ સર્વજ્ઞ શક્તિના હાથમાં તો નથી જ. કોઈ આંધળું અકસ્માતનું તત્ત્વ અથવા તો કોઈ નિષ્ઠુર એવો કાર્યકારણનો નિયમ જ જગતને ચલાવી રહ્યો છે. (૨૯)**

''માતાજી, ઘણી વખત વ્યક્તિ અભીપ્સા સેવે તેથી ઊલટું બને છે અને શું તે નિરાશા તેની પ્રગતિ માટે જરૂરી છે?''

''બેટા, નિરાશા કોઈ વખત પ્રગતિમાં જરૂરી હોતી જ નથી. કારણ તે તમસનું નિર્બળતાનું પરિણામ છે. ખરેખર તેમાં સાધનાવિરોધી કોઈ શક્તિની હાજરી સૂચવાય છે.''

નિરાશા શ્રદ્ધાનો અભાવ દર્શાવે છે. શ્રદ્ધા હોય તો વિપરીત સંયોગોનો પણ માનવી સામનો કરે છે. શ્રદ્ધા ન હોવાથી તે વ્યક્તિની સહનશીલતા અને હિંમત પણ ઘટી જાય છે.

યશ કે સફળતા શું છે ? તમારી પ્રકૃતિના પ્રયત્નો વિશ્વપ્રકૃતિના પ્રયત્નો સાથે તાળમેળ હોય તો જ યશ મળે છે. જો ન હોય તો તે અપયશી થાય છે.

દરેક જણ આડાઅવળે માર્ગે પણ પ્રગતિ જ કરતો હોય છે. એ પ્રકૃતિનો નિયમ છે. જ્યારે તે વિકાસને આ જન્મનાં જ પરિણામો સાથે જોય છે ત્યારે જ તેને યશ-અપયશના ખ્યાલો આવે છે. કદાચ આ જન્મના પ્રયત્નો આવતા જન્મે સાચા પરિણામો લાવે, તેથી કાંઈ તેના આ જન્મના અપયશ ઉપર રોંદણાં

(પૃ.૪૧ ઉપર)

# વિદ્યાર્થીઓને માર્ગદર્શન

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

## કંટાળાને કેમ નિવારવો ?

પ્રકરણ - ૨૧ (Lights for students - P. 113-121)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

કંટાળો જીવનને નિરસ બનાવી દે છે. બધી સગવડ હોવા છતાં જીવનમાં અનુભવાતો કંટાળો જીવનને શુષ્ક, નિરસ અને બોજારૂપ બનાવી દે છે. દરેક કામ પછી તેને વેઠ લાગે છે. સર્જન-શક્તિનો આનંદ અલોપ થઈ જાય છે. માનવજાતિનો કંટાળો આ સર્વવ્યાપી રોગ બની ગયો છે પણ તેનું નિવારણ અવશ્ય છે જ.

લોકો કંટાળામાંથી છટકવા કુટેવોથી મૂર્ખાઇભરેલા ઉપાયો કરે છે. ચેતનાના તમારા સ્વાભાવિક સ્તર કરતાં નીચે ઊતરી જાઓ છો. ખરેખર તો તમે ઉપરના સ્તરે ચડવાનો પ્રયત્ન કરવો જોઈએ.

તમારી ચેતનાની પ્રગતિ થંભી ગઇ હોય એટલે તમારા પ્રાણને તેમાં રસ પડતો નથી. તે ઊંઘી જાય છે અને એ જ કંટાળાનું મૂળ કારણ હોય છે.

પ્રાણને જગવી ઊર્ધ્વમાર્ગે પ્રગતિ માટે ઉત્સાહિત કરવો એ જ તેનો સાચો ઉપાય છે. નવા પ્રગતિનાં સોપાન વિચારો, નવું આયોજન કરો તો પ્રાણને તરત રસ પડવા માંડશે. કદાચ પ્રાણને જગાડવા પ્રથમ તેને ફટકારવો પડે તો તે પણ કરવું જરૂરી છે. અખંડ પ્રગતિ, સતત પ્રગતિ માટેનું સર્વથી શ્રેષ્ઠ કાર્ય છે. આપણા હૃદયમાં રહેલા ચૈત્યપુરુષની આજુબાજુ આપણા સ્વરૂપનાં અન્ય તત્ત્વોને ગોઠવવાના કાર્યને કોઇ અંત નથી અને આ કાર્યને લીધે થતી પ્રગતિને કોઇ સીમા પણ નથી. પ્રાણને આવા આધ્યાત્મિક કાર્યોમાં નિયોજવો એ જ કંટાળાનો કાયમી ઉપાય છે.

તેથી કંટાળાનાં સાચા કારણને વિદ્યાર્થીઓએ ઓળખીને તેનો સાચો ઉપાય કરતા શીખવું પડશે.

# શ્રી અરવિન્દ કેન્દ્ર - ચેતનાનું કેન્દ્ર

- હર્ષદ ઠકરાર

(મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર સ્થાપનાદિન ૦૬.૦૭.૧૨ નિમિત્તે)

શ્રી અંબુભાઈ પુરાણી ગુજરાતના પ્રવાસે હતા ત્યારે એક શહેરના સાધકે તેમને પ્રશ્ન કર્યો હતો કે અમારે અમારા શહેરમાં શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ચાલુ કરવું હોય તો શું કરવું જોઇએ?

પ્રત્યુત્તરમાં શ્રી અંબુભાઇ જણાવે છે કે તમે ઈંટ, પત્થર, ચૂના, સિમેન્ટ, રેતી વગેરે પાર્થિવ પદાર્થો વડે બનેલા મકાનની સાધના કેન્દ્ર તરીકે સ્થાપના કરવા માંગો છો કે પછી માનવમાં સુષુપ્તપણે રહેલી દિવ્ય-ચેતનાને પ્રગટ કરવાનું કેન્દ્ર સ્થાપવા માંગો છો?

શ્રી અંબુભાઈએ આપણને સ્પષ્ટ રીતે સમજાવ્યું છે કે શ્રી અરવિન્દ કેન્દ્ર એ માનવમાં સુષુપ્તપણે રહેલ દિવ્યતાને સચેત કરવાનું કેન્દ્ર છે.

સામાન્ય રીતે સાધકને પ્રશ્ન થાય છે કે પોતે પોતાના રહેઠાણમાં બેસીને સાધના કરે છે, આરાધના કરે છે; તો શા માટે સાધના કેન્દ્રમાં જવું? શું સાધના પૂરતી નથી?

વ્યક્તિગત સાધના એ ચોમાસા દરમ્યાન થતા ઝરણા જેવી છે. જ્યારે કેન્દ્રની સાધના નદી જેવી છે. ઝરણું નદીમાં લય પામી શકે છે, આ દૃષ્ટિએ સાધના કેન્દ્રમાં આવતા જુદા જુદા સાધકો પરસ્પર એકબીજાની ત્રુટી દૂર કરી સામૂહિક રૂપે ઉત્ક્રાંત થઈ ઊર્ધ્વ-ચેતનામાં પ્રવેશ પામે છે, જે દ્વારા સમગ્ર માનવની મનોમય-ચેતનાનો વિકાસ સાધી મનમાંથી મુક્ત થઈ માનવચેતના મનથી ઊર્ધ્વ-ચેતનાના પ્રદેશમાં પ્રવેશ પામે છે. આ રીતે પ્રગતિ સાધવા સાધક વર્ગ વ્યક્તિગત-ચેતનામાંથી ઉત્ક્રાંત થઈ વિશ્વાતીત ચેતનામાં પ્રવેશ પામે છે, જે સમજાવતા શ્રી અરવિન્દ જણાવે છે :

"A prayer, a master act, a king idea
Can link man's strength to a transcendent Force"
(Savitri : B:1:C:II : P.20) Sri Aurobindo

''એકાદ પ્રાર્થના, શ્રેષ્ઠ ક્રિયા, રાજ-પ્રભાવી કલ્પનાપારની શક્તિની સાથે

માનવના બળનો યોગ સાધતી.''

(અનુવાદ શ્રી પૂજાલાલ) -શ્રી અરવિન્દ

શ્રી અરવિન્દે સમજાવ્યા મુજબ સાધના કેન્દ્રમાં ઉત્ક્રાન્ત થયેલ સાધકની પ્રાર્થના એ શ્રેષ્ઠ ક્રિયા (master act) રૂપ બને છે, જે દ્વારા માનવની ચેતના વ્યક્તિગત રૂપ રહેતી નથી પરંતુ તે ચેતના વ્યક્તિગતમાંથી વિકાસ પામી વિશ્વાતીત-ચેતનામાં રૂપાંતરિત થાય છે.

સાધકમાં અનેક વ્યક્તિગત ત્રુટીઓ હોવા છતાં સાધના કેન્દ્રમાં આવતો સાધક અન્ય સાધકોની સાથે વિશ્વાતીત ચેતનામાં રૂપાંતરિત થાય છે. જે સાધક વ્યક્તિગત સાધના કરતો હોય તો તેની ત્રુટીને કારણે વિશ્વાતીત-ચેતનામાં પ્રવેશ પામી શક્યો ન હોત.

વિશ્વાતીત-ચેતનામાં રૂપાંતરિત સાધકનાં મન, પ્રાણ અને શરીર દિવ્ય-ચેતનાના કાર્ય માટેના સચેતન અને આનંદ અભિવ્યક્ત કરવાનાં કરણો બની રહે છે. મન, પ્રાણ અને શરીર એ પ્રભુની લીલા અભિવ્યક્ત કરવાના સાધનો છે એમ અનુભવે છે. આ રીતે વિશ્વાતીતરૂપે રહેલો સાધક સત્, ચિત્ત, આનંદની સનાતન અવસ્થા પ્રાપ્ત કરે છે.

સાધક વિશ્વાતીત-ચેતનામાં જીવન વ્યતીત કરતો હોવાથી તે તેના શરીર દ્વારા પ્રભુને અભિવ્યક્ત કરે છે, પ્રભુને અભિવ્યક્ત કરવા માટે તેને શરીરનો ત્યાગ કરવો પડતો નથી, તે સમજાવતા શ્રી માતાજી જણાવે છે :

''પ્રથમ વખત આ બન્યું છે કે 'યોગ' શારીરિક-જીવનમાંથી નાસી છૂટવાને બદલે, એ શારીરિક-જીવનના રૂપાંતરનું તેમ જ તેના દિવ્યીકરણનું ધ્યેય રાખતો હોય.''

(C.W.M. 14:35) - શ્રી માતાજી

શ્રી માતાજીએ સમજાવ્યા મુજબ માનવ-શરીર દિવ્યતાને અભિવ્યક્ત કરવા માટેનું એક શુદ્ધ કરણ બની રહે છે. માનવનું શરીર દિવ્યતાને અભિવ્યક્ત કરવાનું કરણ બનતું હોવાથી માનવનાં મન અને પ્રાણ પણ આપોઆપ શરીરની સાથે દિવ્ય-ચેતનાને અભિવ્યક્ત કરતા કરણ બની જાય છે. માનવ-જીવનનાં મુખ્ય ત્રણ કરણો મન, પ્રાણ અને શરીર દિવ્યતાને અભિવ્યક્ત કરતા હોવાથી માનવનું જીવન દિવ્યજીવનમાં રૂપાંતરિત થાય છે. દિવ્યજીવનમાં માનવ દિવ્યચેતનાની

પ્રેરણા પ્રમાણે જીવન વ્યતીત કરતો હોવાથી માનવજીવનની પ્રત્યેક ક્ષણે દિવ્યચેતના અભિવ્યક્ત કરી જીવનને જ દિવ્ય ચેતનારૂપે અભિવ્યક્ત કરે છે.

માનવ દિવ્યજીવન જીવતો હોવાથી તે જીવનની અભિવ્યક્તિ કેવી હોય તે સમજાવતાં શ્રી માતાજી જણાવે છે :

''હું કોઇ પણ દેશની નથી, હું કોઈપણ સંસ્કૃતિ, કોઇ સમાજ કે જાતિની નથી, હું ભગવાનની છું''

''હું કોઇ પણ માલિકની, કોઈપણ રાજાની આણ સ્વીકારતી નથી, હું કોઇ કાયદો કે રૂઢિને આધીન નથી. હું કેવળ ભગવાનની આજ્ઞાને માથે ચઢાવું છું.''

(C.W.M : 13:37) - શ્રી માતાજી

શ્રી માતાજીએ સમજાવ્યા મુજબ દિવ્ય-જીવન જીવતો સાધક કોઈપણ પ્રકારની માનવીય કાયદા, રૂઢિ, સંસ્કૃતિ, સામાજિક બંધનો વગેરેથી મુક્ત હોય છે અને ફક્ત પ્રભુની પરમ દિવ્ય-ચેતનાને અભિવ્યક્ત કરતો હોય છે.

શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર માનવીને દિવ્ય-માનવમાં રૂપાંતર કરવાનું સ્થળ છે. અહીં માનવ દિવ્યતાને પ્રાપ્ત કરી દિવ્યતાને અભિવ્યક્ત કરે છે. દિવ્યતા દ્વારા માનવ પરમપ્રભુનો આ જગતને આવિર્ભાવ કરવાનો હેતુ સમજી શકે છે, અનુભવી શકે છે. આ જગત શા માટે બનાવ્યું છે, તેની ઘટતી ઘટના પાછળ પરમ પ્રભુનો શું હેતુ છે ? તે સમજી અને અનુભવી શકે છે. આ જગતની રચના શા માટે કરવામાં આવી છે તે સમજાવતા શ્રી અરવિન્દ જણાવે છે :

"This world was not built with random bricks of chance.
A blind god is not destiny's architect
A conscious power has drawn the plan of life.
There is meaning in each curve and line."

(Savitri : B : VI.) (II : P. 459 - 460) Sri Aurobindo

'' ઈંટોથી કૈં યદૃચ્છાની અસ્તવ્યસ્ત રચાયું વિશ્વ આ નથી, કે આંધળો દેવના કોઇ છે શિલ્પકાર ભાગ્યનો; આજના જિંદગી કેરી રચનારી સચેતા એક શક્તિ છું, છે એક અર્થ પ્રત્યેક રેખાને વૃતખંડમાં, છે શિલ્પકાર્ય આ એક ઉચ્ચ અને ભાવનાભર્યું.

(અનુવાદ - પ્રભુલાલ) શ્રી અરવિન્દ

શ્રી અરવિન્દે સમજાવ્યું છે કે આ જગત એ કોઇ અંધ સ્થપતિએ રચ્યું નથી,

પરંતુ એક સચેતન શક્તિ દ્વારા નિર્મિત થયેલું છે. દિવ્યચેતનામાં જીવન વ્યતીત કરતો સાધક આ જગતની રચના પાછળ રહેલી દિવ્યચેતના અનુભવે છે અને તે ચેતનાની પ્રેરણા મુજબ જીવન વ્યતીત કરે છે.

શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર માનવમાં સુષુપ્તરૂપે દિવ્યતાને સચેતસ કરી પ્રગટ કરવાનું કાર્ય કરે છે. આ દૃષ્ટિએ શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર અગ્નિકુંડ સમાન છે. યજ્ઞના અગ્નિમાં હોમાતા કોઈ પણ દ્રવ્ય પછી તે લાકડું, તલ, ઘી વગેરે કાંઈ પણ છતાં અગ્નિમાં રૂપાંતર પામે છે. તે રીતે અરવિન્દ સાધના કેન્દ્રરૂપી અગ્નિકુંડમાં દ્રવ્યરૂપી પ્રવેશ પામતા સાધકો દિવ્ય-ચેતનામાં રૂપાંતર પામે છે. અગ્નિમાં ગટરના પાણીથી પલાળેલું લાકડું હોય કે ગંગાજળમાં પલાળેલું હોમવામાં આવે છે ત્યારે તે અગ્નિમાં રૂપાંતરિત થાય છે, તે પ્રમાણે નિમ્નચેતનામાં જીવતો માનવ હોય કે પછી અભીપ્સામાં જીવતો માનવ હોય બન્ને દિવ્ય-ચેતનામાં રૂપાંતરિત થાય છે. શ્રી અરવિન્દ કેન્દ્ર માનવની ચેતનાને પ્રકાશમય-ચેતનામાં રૂપાંતરિત કરવાનું કાર્ય કરે છે જે આપણને જ્યોતિર્લિંગની ચેતનાનો અનુભવ કરાવે છે.

આપણે સૌ અગ્નિકુંડના દ્રવ્યરૂપ બની સાધના કેન્દ્રમાં અગ્નિરૂપે પ્રગટ થઈએ એ જ કરુણામયી મા ને પ્રાર્થના.

ૐ શાંતિ..... શાંતિ..... શાંતિ.....

---


(પૃ.૩૫ ઉપરથી)

## ઉપનિષદોનું અમૃત

સૂક્ષ્મ-શરીર અને સ્થૂળ-શરીરો અને ત્રણે અવસ્થાઓ સાથે સંબંધ રાખનારું વ્યક્તિ-સ્વરૂપ છે. આ ત્રણ લોક, ત્રણ અવસ્થા, ત્રણ શરીર એ ૐકારની ત્રણ માત્રા છે.

આ ત્રણેથી પેલીપારની (તૂરીય) ચોથી માત્રા છે. માત્રા એટલે અંશ. તે અંશ વાણીથી વર્ણન કરી શકતો નથી પણ લક્ષણોથી જ જાણી શકાય છે. અર્ધેન વિશ્વં ભુવનં જજાન, યદસ્યાર્ધં કતમઃ સ કેતુઃ (અર્થવ ૧૦.૮.૧૩) કેતુ એટલે ચિહ્ન અથવા લક્ષણ. તેથી આ ચતુર્થમાત્રા જે ફક્ત તેજસ્વરૂપ છે અને નાદ- સ્વરૂપ છે તેને અર્ધમાત્રાથી ૐકારમાં જાણી શકાય છે. તેના સાક્ષાત્કારથી જ પ્રજ્ઞાશક્તિ જાગૃત થાય છે.

તેથી જ કઠોપનિષદ જણાવે છે કે વેદો સતત જેનું વર્ણન કરે છે, બધાં તપ અને સાધનાનું જે એક જ લક્ષ્ય છે, લોકો બ્રહ્મભાવ અને તેને અનુરૂપ જીવન ઢાળે છે. તે એક જ લક્ષ્ય છે તેને જ સંક્ષેપમાં ઓમ કહેવાય છે.



# શ્રી અરવિંદ

Determining predestined shape and act,
Passanger from Life to Life, from scale to scale,
Changing his imaged self from form to form,
* * * * *
Then is revealed in man the overt Divine.
A static Oneness and dynamic Power.

Savitri B-1, C-3, P-23-24

## જીવનની ગતિ

ભાવાનુવાદ

પ્રારબ્ધે પ્રાપ્ત સ્વરૂપને, ને કર્મો કરતા એ જીવે,
એક જીવનથી અન્ય જીવને, ને યોનિ બદલતો રહે,
બાહ્ય ઘાટને બદલતો, ને એક આકાર બદલી અન્ય ગ્રહે,
અંતે પ્રગટે પ્રગટ પ્રભુ, જે માનવમાંહિ વસે,
એક પાસુ નિષ્ક્રિય બને, ને બીજુ સક્રિય શક્તિને ધરે.

# શ્રી ભીમાશંકર

(ચંદ્રભાગા તટે - મહારાષ્ટ્ર)



શિવ સ્વરૂપો ત્રણ ગણ્યાં, વ્યક્તિ, વિશ્વ ને અતીત,
અતીતને વિરાટ કહે, જે જગ આંત-ર્બાહ્ય છે સ્થિત.

તે જ ભીમરૂપ ગણે, ભીમાશંકર ગણાય,
ધર્મ ગ્લાનિના અવસરે, તે જ સક્રિય બની જાય.

તેને ફરી વેગ - આપવા, શિવતત્ત્વથી કાર્ય સધાય,
સ્થૂળ સૂક્ષ્મ ને કારણ દેહ, એ ત્રિપુર નગરી ગણાય.

ચેતનાની સ્વસભાનતા, એ સુદક્ષિણ રૂપ કહેવાય,
પણ પ્રકૃતિની મલિનતા થકી, સ્વસભાનતાનો લય થઈ જાય.

આમ સ્વસભાનતાને કેદ કરે, ત્રિશરીર ત્રિપુર રૂપ,
તેમને ભાંગી મુક્ત કરે, એ ત્રિપુરારિનું સ્વરૂપ.

હું પોતે શરીર ના, પણ અસીમ ભીમનું ભાન,
એ ભાવે શિવારાધના, એ ભીમાશંકરનું ધ્યાન.

ત્રિપુર-તાદાત્મ્યનો ભંગ એ, ત્રિપુર નાશ ગણાય,
પ્રગટે શિવ વિશ્વાતીત બની, એ ભીમાશંકર કહેવાય.

**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રના પ્રકાશનો**

સહજ સત્સંગ માસિક
www.aurogujarat.com > Journals & Ebooks > Sahaj Satsang
www.sriaurobindoashram.info>E-Library > Magazines > Sahaj Satsang (Gujarati)

પુસ્તકો
www.sriaurobindoashram.info>E-Library > Disciples > Mansinh Chavda

E-mail ID : sahajsatsang@gmail.com

**સહજ-સત્સંગ**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂ. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper of INDIA
RNI No. 075948/23/22 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2014

DATE OF POSTING : 1st OF EVERY MONTH - **RAJKOT - RMS**